ગૃહ ધર્મ.

લખનાર

શ્રી નારાયણ હેમચંદ્ર

મુંબઈ.

. જે. કરાણીના "સ્ટેનડર્ડ" યંત્રાલયમાં મુદ્રિત કર્યો.

ઈસવી સન ૧૮૮૬—સંવત્ ૧૯૪૨.

ગૃહ ધર્મ.

---:o:---

લખનાર —

શ્રી નારાયણ હેમચંદ્ર.

મુંબઈ.

જેહાં. બે. કરાણીના "સ્ટેનડર્ડ" યંત્રાલયમાં મુદ્રિત કર્યો.

ઈસવી સન ૧૮૮૬—સંવત્ ૧૯૪૨.

અનુક્રમણીકા.

2800

ગૃહધર્મ.

કુટુંબ.

માયાવાદી વેદાંતિકોની આગળ આ સંસાર ઇન્દ્રજાલની માત્ર રમત છે. તમારી બાઇડી કોણ? તમારો છોકરો કોણ? આ સંસાર ઘણો વિચિત્રછે. કર્મવાદી ઇશ્વરને માનનારાની આગળ આ સંસાર કર્મભોગની માત્ર જગાછે, મનુષ્ય જન્મ એક ઘોર વિડંબના છે, એના હાથથી છૂટવાનું નામ મુક્તિછે, અનંત નરકવાસી ખ્રીસ્તીના મતે આ સંસાર કોપેલા ઇશ્વરે બતાવેલી તેમની પરીક્ષાની માત્ર જગા છે. ઇશ્વર જુવે છે કે, માણસ તેના દેખાડેલા રસ્તા ઉપર ચાલેછે કે નહિ? જો ચાલે નહિતો તેનું ફળ અનંત નરકનું દુઃખ ભોગવવાનુ મળશે. પરંતુ કૃપાવાદી ઇશ્વર ભાવીકની આગળ આ સંસાર મનુષ્ય જીવનના બાલ્યકાલની અવસ્થા અને સુખ તથા શીખવાની યોગ્ય જગાછે.

પરમેશ્વરના જેવો બીજો શિક્ષક કોણ થઇ શકે? તેણે ઇચ્છેલો ભાર આપણે વહન કરીએછિયે, તેણે ધારેલાં કાર્ય કરીએછિયે; તોપણ તે કામને આપણું કામ સમજીને સુખ માનીએછિયે એવી રીતનું સુખ આપીને બીજો કોઇ પણ શીખવાને શક્તિમાન થતો નથી.

તેણે છોકરાનો ભાર માના ઉપર મૂકયોછે, પત્નીનો ભાર પતિના ખભા ઉપર અને પતિનો ભાર પત્નીના ખભા ઉ-પર નાખ્યોછે. કોને માટે કામ કરીએછિયે, શા માટે કામ કરીને મરી જઇએછિયે? તેમાંનું આપણે કંઇ પણ સમજી શકતા નથી, તોપણ કામ કરીને સુખી થઇએ છિયે. એવો શિક્ષક બીજો વળી કોણ હોય?

કુટુંબમાં ધર્મ હોયતો બાલકો તે હવાથી સુધરે છે, નર નારીની ધર્મોન્નતિમાં તેમને મદદ મળે છે. જ્યાં નિર્દોષ આનંદ હોય, ત્યાં માણસો બહારનાં ઘણાક દુઃખ સહન કરી શકે છે; જ્યાં પ્રેમ હોય, ત્યાં બહારની ઘણીક દુષિત લાલચથી દૂર રહી શકાય છે. એટલા માટે કુટુંબમાં ધર્મ, પ્રેમ અને દોષ વિનાની ખુશી ખુશાલી સર્વથી પહે-લાં રાખવાનો વિચાર કરવો જોઇએ.

જે જાતિમાં કુટુંબનું સુખ અને કુટુંબની નીતિ ઘણી સારી છે, તે જાતિ મનુષ્યત્વ મેળવવામાં સર્વથી પ્રથમ થાય છે, એ ઇતિહાસ સિદ્ધ છે.

આપણા દેશમાં ધર્મ અને સંસાર આ બંનેમાં ઘણો વિરોધ જોવામાં આવે છે, જે માણસ સર્વ પ્રકારના વિષય કર્મ પરિત્યાગ ન કરે તે માણસ કદી પણ ધર્મ લાભ કરી શકતો નથી, એવું આપણા દેશના લોકો માને છે. આપણા દેશમાં ધર્મપર આસ્થા વાળા માત્રની સન્યાસ તરફ થોડી યા ઘણી માનસિક ગતિ જોવામાં આવે છે.

પરંતુ ખરી વાત શું છે? સ્ત્રી, પુત્ર, સગા, વહાલાથી ઘેરાવું વિગેરે કુટુંબની વાત તો એક બાજુએ મૂકીએ, વિષય કર્મ વેપારની ગડબડ, શિલ્પ સાહિત્યની ઉન્નતિ, ખુશી ખુશાલીનો ઉચ્છવાસ વિગેરેમાં પણ શું ઇશ્વરનો સંકેત કંઇજ જોવામાં આવતો નથી? ઇશ્વરને વિશ્વનો માબાપ કહીએ

છિયે તેનો અર્થ શું છે? તે તો કંઇ મૂર્ત્તિ ધારણ કરીને આપણી સેવા કરતો નથી. જે અન્નથી આપણી ભુખ નિવારણ થાય છે તે તો ખેડુતે વાવ્યું છે, મજુર ઉચકીને લાવ્યા છે, વેપારીએ વેચ્યું છે, રશોઇ કરનારે રાંધ્યું છે, એ સર્વમાં ઈશ્વર ક્યાં છે? હે માનવ? વિશ્વાસ રાખીને જો, ઈશ્વરનો હાથ તેની પછવાડે કામ કરે છે. બાલકને માટે માના સ્તનમાં દૂધ અને હૃદયમાં સ્નેહ જોઇને મુગ્ધ થાઓ છો, પરંતુ આ સર્વ વિષયવેપારમાં પણ મુગ્ધ થવાનું શું કંઇજ નથી? માના હૃદયમાં સ્નેહ ન મૂક્યો હોત તો બાલકની રક્ષા થઇ શકત નહિ એ જેમ કહી શકો છો, તેમ મનુષ્યનાં હૃદયમાં લાભની આશા તથા સમદુઃખસુખતા ન હોત તો આપણને અન્ન વસ્ત્ર મળી શકત નહિ, એ વાત શું કહી શકશો નહિ? માના સ્નેહમાં જો ઇશ્વરને પ્રતિબિંબિત જુઓ છો તો વેપારીના સ્વાર્થમાં પણ શું ઇશ્વર પ્રતિબિંબિત નથી જોતા?

વિધાતાની કેવી અવિચિત્ર શૃંખલા છે? ફરી એક વખત વિશેષ રૂપથી અનુભવ કરીને જુઓ. તે માની અંદરથી દૂધ આપે છે, વેપારીની અંદરથી અન્નવસ્ત્ર આપે છે, શિક્ષકની અંદરથી જ્ઞાન આપે છે, સાધુની અંદરથી ધર્માન્ન આપે છે, અને જનમંડળના વિવેકની અંદરથી સાધુતાનો બદલો અને અસાધુતાનો તિરસ્કાર આપે છે.

જનમડળને જો ધર્મની આંખે જોવામાં આવે તો કુટુંબ આપણી આંખે ઘણું સુંદર દેખાશે. કુટુંબ જનમંડળનો પાયો છે. નાસ્તિકતા જેટલી રીતનું અનિષ્ટ અને ખરાબ ફલ ઉત્પન્ન કરે છે તેમાં એક મોટું એ છે કે, એ કુટુંબના બંધનને શિથિલ કરવાની કોશેશ કરે છે. એ બંધનમ ઇશ્વરનો જે છુપો અભિપ્રાય રહેલો છે તે એ જોતી નથીં

ધર્મ વગરની આંખે જોશો તો કુટુંબ એ સંસાર બંધનની દોરડી અને નીચતાનું ઘર જણાશે, પરંતુ ધર્મની આંખે જોશો તો કુટુંબ એ આત્માને સ્વર્ગમાં જવાની શીડી જણાશે.

ખાંડનાં વિછિન્ન પરમાણુના એક એક દાણા બંધાયા, દાણા એકઠા થઇને એક ગોળો થયો; તે ગોળાને આપણે શાકર કહીએછિયે, જનમંડળ પણ તે પ્રમાણે છે. ખાંડના દરેક પરમાણુનાં ઉપર ભૌતિક નિયમ જેવી રીતે કામ કરે છે, તેવી રીતે દરેક માણસના મનમાં આધ્યાત્મિક નિયમ કામ કરે છે; તેથીજ કહેવામાં આવ્યું છે કે, જે દોરડીથી કુટુંબને એકમેકને બાંધેલું છે તે ઇશ્વરે બનાવેલી છે.

સવારે ઝાડના પાદડાં ઉપર એક ઓસનું ટીપું પડેલું છે તેને ધ્યાન લગાડીને જુઓ, તે નિર્મલ પાણીમાં અનંત આકાશની નીલિમાની વિચિત્ર આભા અને સવારના સૂર્યના વિમલ કિરણની જ્યોતિ એકત્ર મળ્યાથી કેવો અપૂર્વ ભાવ ધારણ કર્યો છે, તેમ હે મનુષ્ય? તમે જ્યારે નીતિ, સદ્ભાવ અને આનંદમાં પૂર્ણ થઇને તમારી સ્ત્રીની પાસે હો છો; જ્યારે તમે વાત્સલ્યમાં પૂર્ણ થઇને ખોળામાં લીધેલા બાલકનું મુખ ચુંબન કરો છો; જ્યારે ઘરમાં આવેલા બંધુને કંઠાલિગન કરીને આતિથ્ય અને સૌજન્ય પ્રકાશ કરો છો. ત્યારે ઓસના ટીપાં પ્રમાણે તમારા હૃદયમાંના સદ્ભાવ બિંદુમાં ધાર્મિક લોકો અનંત જીવનની ઘન નીલિમાની આભા અને પવિત્ર સ્વરૂપની પવિત્રતાની જ્યોતિ એકઠી મળેલી જુવે છે. તમે તે જોતા નથી, ઓસનું ટીપુ પણ જોતું નથી.

લાભની આશા છે તેથીજ વેપારી તાઢ, ગરમી, ભુખ વિગેરે સહન કરી શકેછે, તેમ આપણે પ્રેમ, વાત્સલ્ય, બંધુત્વ, વિગેરેમાં સુખ મેળવીએછિયે, તેથીજ આપણે જનમંડળના ઝગડા, વિરોધ, શત્રુતા, ખેદ વિગેરેને સહન કરી-

શકીએછિયે. ઉપર કહેલાં સદ્‌ભાવ જનમંડળને મધ જેવાછે; એને લઈલો તો જનમંડળ મધ વગરના મધપુડાની પેઠે થઇ જશે. જેઓ ધર્મનો બંધુ, માણસના ખરેખરા હિત કરનાર અને જગતનો સુખેચ્છુંછે; તેઓ ગમે ત્યાં રહેતા હોય, તોએ તેઓએ કુટુંબના સદ્‌ભાવની રક્ષા અને વૃદ્ધિને માટે તનમનથી યત્ન કરવો જોઇએ.

હાલની કુશિક્ષાથી ઘણી જગા ઉપર એમાં વ્યાઘાત જેવામાં આવેછે. એક પ્રકારના નાસ્તેકો કહેછેકે, પોતાની સંપત્તિ અને કુટુંબ એ બે પ્રાચીનકાલના કુસંસ્કાર છે. ઘણા લોકો કેવળ બુદ્ધિ અને મસ્તિકની ચાલના કરીને હૃદયવિહીન થઇને શીખેલામાં ગણાયછે અને કુટુંબમાં સ્વાર્થપરતા અને ઘાતકીપણાનું ઉદાહરણ દેખાડે છે.

વળી ઘણાકોનો એવો વિચારછે કે, કુટુંબ મોટા બોઝા જેવુંછે. અને તેનાથી સ્વાધીનતાની પણ નુકશાની થાયછે, એટલામાટે એકદમ એ બંધનમાં બંધાવું ઠીક નથી. સ્થલ વિશેપમાં નિયમનો વ્યતિક્રમ થઇ શકશે, પરંતુ જનમંડળના પક્ષે નિયમ એ છે અને ખરી વાત પણ એ છે કે, કુટુંબના બંધનમાં બંધ થયાથી જે લાભ થાય છે તેનાથી સર્વ નુકશાની પૂર્ણ થઇ જાય છે. હે માનવ! બીજું કંઇ પણ ન મળે તોપણ મહેનતથી થાકીને પત્નીનું પ્રીતિ પૂર્ણ મુખ જોવાનુ, અને બાળકની અરિપરિસ્ફુટ ભાષા સાંભલવાનું સુખ યાદ કરો. કહો જોઇએ મનુષ્યના સુખની સમષ્ટિ જેનાથી વધે તે શું પરમ લાભદાયક નથી?

કુટુંબ કેવી રીતે હોવું જોઇએ? ત્યાં સ્વાધીનતા રહેવી જોઇએ અને તેની સાથે શાસન રહેવું જોઇએ. જ્યાં સ્વાધીનતા નથી ત્યાં માણસનું મન સુખમાં રહેતું નથી, હૃદયનો વિકાશ થતો નથી; તે પ્રદેશ એને યમના ઘરની પેઠે

જણાયછે. પરંતુ જે સ્વાધીનતામાં ઉછાળો ઉત્પન્ન કરે છે. તે પણ કુટુંબના સુખમાં ઝેર જેવું છે. એટલા માટે ખરેખરા સારા કુટુંબનું લક્ષણ એ છે કે, ત્યાં યથા યોગ્ય સ્વાધીનતાની સાથે યથા યોગ્ય શાસન હોય છે.

જ્યાં સ્વાધીનતા અને પ્રીતિ એ બંને એકઠા કામ કરે છે, તે માનવાત્માની ઉન્નતિ અને માનવ હૃદયના સુખના પક્ષે સર્વથી શ્રેષ્ઠ જગા છે તે કોઈએ ભૂલવું ન જોઇએ.

ન્યાયી ખુશી ખુશાલીમાં હરકત આપશો ના. બને તો તેમાં મદદ કરો. એકના સુખથી સર્વને ભાગીદાર કરો, તેથી કુટુંબ ઘણી સુખની જગા થશે.

તમે ગમે એટલા વિદ્વાન અને મોટા હો તોપણ એક પાંચ વર્ષના બાલકને પણ તમારા દોષ દેખાડવા દો, તેથી વિરક્ત થશો ના. જો તેમાં કાપટય રાખશો તો કદી પણ તમે સુધરશો નહિ.

યથેચ્છાચારી રાજા થવો એ કોઇ જગાપર સારૂં નથી; જો કોઇ જગા એને અયોગ્ય હોય તો તે કુટુંબ છે. જ્યાં યથેચ્છાચારછે, ત્યાં પ્રેમ જતો રહે છે. કુટુંબના દરેક માણસના સુખ દુઃખના ઉપર જેની જાગૃત નજર હોય છે તેજ કુટુંબનો ધણી થવાને યોગ્ય છે.

મોટાનાં પ્રતિ ભક્તિ, બરાબરીયાના પ્રતિ આદર, બંધુ બાંધવનાં પ્રતિ પ્રેમ એ સઘળા સદ્‌ગુણ શીખવાનું મોટું સ્થળ કુટુંબ છે. પરંતુ તે શિક્ષણ ઉપદેશથી મળતું નથી, તે સઘળા ગુણની હવામાં રહેતું જોઇએ.

એકત્ર ખાતું પીવું, એકત્ર ફરતું હરતું, સુખ દુઃખમાં ભાગ લેવો, મન ખોલીને વાતો કરવી, નિર્દોષ આનંદમાં સર્વે જોડાતું, એ સર્વ કુટુંબમાં હોય તો એકમેકમાં એવું નૈકટય અને એવો પ્રાણનો યોગ સ્થાપિત થાય છે કે, વૃદ્ધા-

વસ્થામાં બીજી તરફ ગયાથી પણ તે જુવાનીની ઘરની વાતો મનમાં આવ્યાથી આંખમાં આંસુ આવે છે, અને હૃદયમનના સર્વ સાધુભાવ જાગી ઉઠે છે.

આપણા દેશમાં કેવો વિપરીત દેખાવ જોવામાં આવે છે! પ્રવીણ પિતા અને જુવાન પુત્રમાં કેટલો તફાવત! એકના મનનો ભાવ બીજાથી અજાણ્યો હોય છે. પિતાના આવ્યાથી છોકરાં ગાંભીર્ય રસનો દેખાવ આપે છે, નિરતબ્ધ મૌનભાવવાળા જોવામાં આવે છે. મોઢે હસવું નથી, હોતું મન ખુલ્લું નથી હોતું, ખુશી ખુશાલી નથી હોતી, વખત ભાર સ્વરૂપ જણાય છે અને મનમાંને મનમાં વિચાર કરે છે કે, ક્યારે બાપા બહાર જાય કે હું બરાબરીઆની સાથે થોડો વખત વાત કરૂં.

ઉમરે આવેલી બહેન અને ઉમરે પુગેલા ભાઇમાં પણ ઘણો ફરક છે. ભાઇની સાથે હવે મન ખોલીને વાત કરવાનો ઉપાય નથી, હવે ખુશખુશાલી કૌતુક નથી, હવે હાસ્ય પરિહાસ નથી, સુખદુઃખની વાત નથી, બહેનની સાથે બે ઘડી વાત કરવાના કરતાં બરાબરીઆ પુરૂષની સાથે બે ઘડી વાતમાં ગાળવી ઉત્તમ સમજે છે. જે દેશમાં કુટુંબની અંદરનો ભાવ આ છે તે દેશમાં કુટુંબ કોને કહે છે તે આજ પણ લોકો જાણતાં નથી.

બાલ્યવિવાહ ભાઇ બહેનને બાલ્યકાલથી જુદા કરે છે. જુવાનીમાં હૃદયનો સ્નેહ સતેજ થાય છે. તે જતો રહે છે. કારણ તેઓ જુવાનીમાં એકઠાં રહેતાં નથી એ પણ કુટુંબના સુખનો મોટો પ્રતિબંધક છે.

વિશ્વાસની દૃઢતા, સત્યના ઉપર પ્રબલઅસ્થા, કર્ત્તવ્યના ઉપર અચલ પ્રેમ ઉપલા સર્વ ગુણ સર્વત્ર જરૂરના છે, પરંતુ કુટુંબમાં જેવી રીતે જરૂરના છે તેવી રીતે બીજી

જગાપર નથી. વિશેષ કરીને હાલના સુસભ્ય સંવાદપત્ર (ખબરના કાગળો) નો ઘણો ફેલાવો છે, છાપખાનાની મહેનતની છપાતાં પુસ્તકો, સભાનો થવા એ સર્વેથી ઘણો બહારનો તરંગ કુટુંબમાં પ્રવિષ્ટ થાય છે અને લોકની વિશ્વાસ ભૂમિને હલાવી મૂકે છે, આવી વેળાએ કુટુંબને છોકરાંના સુશિક્ષાની જગા કરવાની જેઓ ઇચ્છા રાખે છે તેઓને વિશ્વાસની દ્રઢતા અને -સત્ય-નિષ્ઠાની વિશેષ આવશ્યકતા છે.

હાય! હાય! જે વસ્તુ ન હોવાથી હું માણસ થઇ શકતો નથી, તે વસ્તુ ન હોય તો મારૂં કુટંબ પણ સારૂં થતું નથી. ન્યાય, પ્રીતિ, પવિત્રતા, ઉદારતા, સત્યનિષ્ઠા જે કુટંબની હવામાં મળેલા હોય છે તે હવા એક દિવસ સેવન કર્યાથી બહારના માણસના હૃદય-મનની ઉન્નતિ થાય છે.

એટલા માટે માનવ! જો તમે બુદ્ધિમાન હો તો કુટંબમાં શું ખાશું, શું પહેરશું તેને માટે ઘણા ચિંતાતુર થશો ના, કોણે શું ભાગ્યું, કોણે શું ફાડયું તેને વાસ્તે ઘણા ચિંતિત થશો ના, નીતિ અને ધર્મની ઉન્નતિના નિયમ કુટુંબના હડકા ચામડામાં બેઠા છે કે નહિ તે ઉપર ધ્યાન લગાડીને જુઓ.

જો તમારી સ્ત્રી દશ હજાર રૂપીઆના ઘરેણા પહેરે પરંતુ દુઃખીના દુઃખને માટે તેના આંખમાંથી એક ટીપું પણ આશુનું ન પડે, જો તમારા છોકરાં પદ્મ ફુલની પેઠે સણગારેલા ફરે, પરંતુ સ્વાર્થપરતા અને અહંકારની મૂર્ત્તિ હોય તો તે ધન મળ્યાથી તમે હર્ષ કરશો કે શોક કરશો તેનો વિચાર કરો. હું કહું છું કે તમે તેથી શોક કરો.

તમે સ્ત્રીના ગળામાં સોનાનો હાર કરાવી ન આપી શકો તો તેને માટે અફશોશ કરતા ના પરંતુ તેના પ્રાણમાં-

સંત્સકલ્પ પેટવો સોનાના કરતાં મનુષ્યત્વ શું વધારે નથી?

હે જગદીશ્વર! ઘરમાં મારા છોકરાં બીજું કંઇ પણ ન જુવે ફક્ત એટલુંજ જુએ કે, હું અધર્મથી ઘણો ડરૂં છું, ઇરદાનસાફનો વાસ રહ્યાથી મારા હાથ પગ ઉઠતા નથી, અને સાધુતાને હું પ્રાણની સાથે ચાહું છું, તો તેથી મારા કુટંબમાં રહીને તેઓ માણસ થશે.

સાધુતાથી અસાધુતાને પરાજય કરવાથી ઘણો આનંદ થાયછે, જે સાધુએ કદી એવું સંગ્રામ કર્યું છે તેઓ જાણેછે કે, પૃથ્વીનું રાજ્ય આપ્યાથી એટલું સુખ મળતું નથી. આ દેવત્વ દેખાડવાની ખરી જગા કુટુંબ છે. પોતાના કુટુંબમાં જેણે સાધુતાથી સર્વ પ્રકારની અસાધુતાનો પરાજય કર્યો છે, તે વીરપુરૂષ જ્યારે જનમંડળનાં આવે છે, ત્યારે તેનું મોઢું જોઇને આપણે પરાજિત થઇએ છીયે.

અચલ સાધુ ઇચ્છા એ ઐશ્વરિક ભાવ છે. કુટુંબમાં બીજાના વિરૂદ્ધનો ભાવ જોવા છતા જેઓની સાધુ ઇચ્છા અચલ રહે છે, તેઓ ઇશ્વરનો અંશ છે. અમારા પ્રણામ લેવાનો તેમનો અધિકાર છે.

કુટુંબના સુખના ચાર મોટા શત્રુ છે. (૧ લો) સ્વાર્થ-પરતા (૨ જો) ઘાતકીપણું, (૩ જો) ક્રોધશીલતા, (૪થો) વિશ્વાસઘાતકતા. જે પોતાનું સુખ વધારે જોય છે, પારકાને સુખી કરીને સુખી થવા જાણતો નથી, બિંદુમાત્ર પોતાનાં સુખમાં હરકત થવાથી દુઃખિત થાયછે, અને બીજાને દુઃખ થયાથી પોતાનું સુખ થાય એવી ઇચ્છા કરવામાં કુંઠિત થતો નથી. તે જે કુટુંબમાં રહેતા હોય તે કુટુંબમાં અસુખ વૃદ્ધિનું કારણ થાય છે. સ્વાર્થપરતાની પેઠે ઘાતકીપણું એક ઘણોજ મોટો શત્રુછે. કુટુંબમાં કોઇ ક્લેશમાં છે તે તેના પ્રાણમાં વીધાતું નથી. જ્યાસુધી પોતાના સુખમાં

હરકત નથાય ત્યાંસુધી બીજાના રોગ શોકના ઉપર નજર હોતી નથી. એવા માણસને લીધાથી કુટુંબમાં સુખ થતું નથી. ત્રીજો ક્રોધ શાલતા, થોડામાં જે માણસ વિરક્ત થાય છે, સર્વદા તર્જન ગર્જન કરેછે, ઉપદ્રવ કરે છે, તેવા માણસો કુટુંબના કાંટા જેવા છે. પરંતુ સઘળા કરતા કુટુંબના સુખનો શત્રુ વિશ્વાસઘાતકતા છે, હે માનવ? સાવધાન એવું કામ કદી પણ કરશોમા. વિશ્વાસ સિવાય ચોરોની ચોરી ચાલતી નથી, ત્યારે તમારૂં કુટુંબ કેમ ચાલશે? સગાવા-હાલાને પ્રવંચના કરીને પોતાનો કંઇ સ્વાર્થ પૂર્ણ કરવો, પત્નીને પ્રતારણ કરીને કંઇ કામમાં લગાડવી, એવું ઝેર પોતાના ઘરમાં પ્રવેશ કરશો ના.

ગૃહ-ધર્મમાં સ્ત્રીનો અધિકાર.

સ્ત્રી ગૃહધર્મમાં મીઠાના પ્રમાણે છે. તે ન હોયતો ગૃહધ-ર્મમાં સ્વાદ રહેતો નથી.

સ્ત્રીએ કુલ કાયમ રાખવાનું મૂળ કારણ છે. તેનાજ કાર-ણથી કુલ, વંશ, ગામ, શહેર વિગેરે થયા છે. તે બાલકને લઇને જંગલી હાલતમાં પ્રાણ સંશયની અવસ્થામાં નહિ રહી શકયાથી ઘર, ગામ વિગેરેની જરૂર પડી છે.

જગદીશ્વરે તેને ગર્ભધારણ કરવાનો અને બાલકનું લાલન પાલન કરવાનો ભાર આપ્યો છે તેથી તેને ત્રણ વસ્તુની જરૂર પડી (૧ લી) ભય વગરની જગા, (૨જી) બલવાનનો આશ્રય, (૩ જી) બાળકનો ખોરાક, ઉપલા ત્રણ કુટુંબના શૃંખલાના પાયા છે.

ગર્ભ ધારણ કરવાનો અને બાલકનું લાલન પાલન કર-નો બોઝો સ્ત્રીના ઉપર પડવાથી શરીરની મહેનત અને ઘણે-

વખત એક કામમાં મંડ્યા રહેવું એ બાબતોમાં પુરૂષના કરતાં તે પાછળ પડી છે.

જ્યારે સ્ત્રીને માટે ઘર થયું છે, ત્યારે ઘરમાં સર્વથી પહેલી જગા તેની છે ત્યારપછી બીજાની છે. અર્થાત્ તેનું સુખ સર્વથી પહેલું જોવું જોઇએ. એ વાસ્તે શાસ્ત્રમાં લખ્યું છે કે "યંત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તંત્ર દેવતાઃ . સ્ત્રીઓ જે ઘરમાં માન પામે છે તે ઘરમાં દેવતાઓ સંતુષ્ટ થાયછે." સ્ત્રીના આંસુથી જે ઘરની જમીન ભીની થાય છે તે ઘરમાં કલ્યાણ નથી.

પુરૂષે સ્ત્રીના અને છોકરાંના સુખ શાંતિના રક્ષક સ્વરૂપ રહેવું; પરંતુ રાજ્ય કરવાનો અધિકાર તેનો નથી. જો તે પ્રજા પીડક રાજા થઇને બેસે તો તે સ્વાર્થપર પુરૂષ વિધાતાની આંખે અપરાધી ગણાશે.

ધર્મ અને કર્ત્તવ્યમાં વ્યાઘાત ન કરતાં કુટુંબમાં સ્ત્રીના સુખનો ઉપાય જ્યાંસુધી થઇ શકે ત્યાંસુધી ધાર્મિક પતિએ કરવો જોઇએ.

ધાર્મિક પતિ પત્નીને ધર્મની દૃષ્ટિએ જુવે છે અને દાંપત્ય સંબંધને સ્વર્ગના વ્યાપાર જાણીને અનુભવ કરે છે.

સ્ત્રીના પ્રસન્ન-મુખની શોભાજ ઘરનો અંધકાર દૂર કરે છે, એટલામાટે ઘરની એવી કોઇ જગા રહેવી ઉચિત નથી કે, જ્યાં સ્ત્રીની ગતિ રોકાય. સ્ત્રીને પડદામાં રાખવાની રીતિ એ સુખનો પરમ-શત્રુ છે.

શ્રદ્ધાજ નરનારીના સંબંધમાં પવિત્રતાનો પાયો છે એકમેકની ખાશિયત અને સદ્ગુણ જોવા ઉપર શ્રદ્ધા આધાર રાખે છે. પરસ્પર મળવાના ઉપર એકમેકના દોષગુણ જોવાનો આધાર રહે છે. એટલામાટે પડદાની રીતિ નરનારીના સંબંધમાં પવિત્રતાના માર્ગે મહાન વિઘ્ન-સ્વરૂપ છે.

સ્ત્રીનું સરલ હૃદય અને પ્રેમ આપણા ગૃહધર્મનો મોટો સુખદાયક પદાર્થ છે. તેમાં રહેવાથી હૃદય ઉન્નત થાય છે, તેથી પડદાની રીતિ સ્ત્રીઓને દૂર રાખીને કુટુંબ અને ઘરમાં એ પવિત્રભાવ પ્રકાશિત થવા દેતી નથી.

સ્ત્રીનું પ્રફુલ્લ મુખ, તેના રૂપની સુંદરતા અને તેના હૃદયનો સ્નેહ એ સર્વે જ્યોત્સ્નાની પેઠે સંસારના સ્વાર્થ, ઉત્તેજના, વિરોધ વિગેરે ઉત્તાપથી તપેલા ચિત્તને શીતળ કરે છે. પડદાની રીતિ આપણને એ સુખથી વંચિત કરે છે તેથી નિંદનીય છે.

બાલક બાલિકા છૂટથી એકઠા મળે તોપણ માબાપની આંખ તેઓના ઉપર રહેવી જોઇએ. તેઓને યોગ્ય ખુશ ખુશાલીમાં અમે રોકવા ઈચ્છતા નથી તોપણ અન્યાયની રેખામાં પગ મૂકતાજ શાસન કરવાને ચુકવું નહિ, એવી રીતે એકત્ર મળીને જેઓ મોટાં થાય છે, તેઓ એક-મેક ઉપર શ્રદ્ધા રાખતાં શીખે છે, અને તે શ્રદ્ધાના ઉપરજ નરનારીના સંબંધની પવિત્રતા સ્થાપિત થાય છે.

ગમે તો પુરૂષ હોય કે સ્ત્રી હોય પરંતુ પ્રત્યેકે ચરિત્રની પવિત્રતાના વિષય એક વાત યાદ રાખવી જોઇએ સારૂ નરસુ જાણીને સારાને પસંદ કરવાનું નામ સાધુતા છે. જે ખરાબ જાણતો નથી પણ સારૂજ જાણે છે તે જોવામાં સુંદર છતાં પણ નિરાપદ નથી.

જે પોતાની રક્ષા કરી શકતો નથી, તેની કોણ રક્ષા કરી શકશે? શાસ્ત્રમાં લખ્યુંછે કે, "વિશ્વસ્ત અને આજ્ઞાકારી સેવકો પરિવૃત છતાં સ્ત્રીઓ અરક્ષિતાછે; જેઓ પોતે પોતાની રક્ષા કરેછે તેઓજ સુરક્ષિતા છે.

આ આત્મરક્ષાની શક્તિ અને પ્રવૃત્તિને ઉત્પન્ન કરવી એ શિક્ષાનુ મોટું લક્ષ્યછે. સંસારમાં સારૂં નરસુ બંનેછે;-

જેની જે વસ્તુછે, તે તે વસ્તુ પામેછે. આપણે જેને નરક કુંડ કહીએછિયે, તેને સાધુ ઘણી શોધ કરીને સ્વર્ગ રાજ્યનું શેહેર બનાવવાને માટે પસંદ કરેછે. સ્ત્રિયોને સર્વ પ્રયત્ને કેલવણી આપવાથીજ તેઓ નરકને બદલે સ્વર્ગ સ્થાપન કરી શકશે.

જે માણસ પાસે આવ્યાથી હૃદયનો સાધુભાવ જાગૃત થાય અને અસાધુભાવ લજ્જાયમાન થઇને છુપાઇ રહે, તેનેજ પવિત્ર ચરિત્રવાળો કહેવામાં આવેછે. જે ચરિત્ર લજ્જા આપીને અસાધુને સાધુ કરેછે, તેજ ચરિત્ર દેવાંશથી બનેલું છે.

નરનારીને આવી સાધુતા મેળવવામાં સમર્થ કરવા એ ધર્મસમાજની શિક્ષાનું પ્રધાન લક્ષ થવું જોઇએ; વિશેષ કરીને સ્ત્રિયોને શિખવાડવાનો બોઝો સમાજ—સંસ્કારોના માથા ઉપર દશ ગણો રહેલો છે.

નારી કુલ-સ્થાપિત કરવાનું મૂળ જાણીને નારીની પવિત્રતાનું રક્ષણ કરવા માટે શાસ્ત્રકારો ઘણા વ્યસ્ત થયા હતા; સ્ત્રી વિપથ ગામિની થયાથી ઘરની શાંતિ જાયછે, સંસારની શ્રી જાયછે, છોકરાંની અધોગતિનું બીજ નખાયછે, પુરૂષના બંધનની દોરડી તુટી જાયછે, અને કુટુંબમાં શાંતિ રહેતી નથી. જનમંડળના આવા કઠોર શાસનથી અને સ્ત્રીની પ્રકૃતિના મહત્વથી સર્વ દેશની સ્ત્રિયોનાં ચરિત્ર પુરૂષનાં ચરિત્ર કરતા પવિત્ર છે.

ધૈર્ય અને લજ્જાજ નારીની શ્રેષ્ટતાનું પ્રધાન લક્ષણછે. લજ્જાવગરની અને ધૈર્ય વગરની સ્ત્રિયો પુરૂષના ધિક્કારને લાયક થાય છે.

છોકરાંની રક્ષા પતિના સુખના તથા તંદરોસ્તીના ઉપાય યોજવા, દાસ દાસીનું ભલું કરવું અને અતિથિ પરોણાની

સેવા ચાકરી; એ પ્રધાનતઃ સ્ત્રીના ઉપર રહેવું જોઇએ. પુરૂષે એ વિષયમાં જેમ બનેતેમ હાથ નાખવો નહિ. પરંતુ એ સર્વ કામ સ્ત્રીઓને શિખવવા જોઇએ.

સ્ત્રી અબલાછે તેજ તેનું બલછે, ઘરમાં બાલકને સર્વે તાબે હોયછે, દુર્બલતા ભિન્ન તેનું બીજું બલ શું છે?

વિપરીત પ્રકૃત્તિને માણસ ચાહેછે સ્ત્રિયો દુર્બલ ચિત્ત અને મૃદુ પુરૂષને ધિક્કારેછે. પ્રબલ પ્રકૃતિ અને બલવાન પુરૂષની પાસે વધારે સુખથી રહેછે એ ઘણી અજાયબ ભરેલી વાતછે, પરંતુ એ નારી પ્રકૃતિનુ એક ઉડું તત્વ છે.

સ્ત્રી એ પુરૂષની પરીક્ષાની કસોટીના પથર જેવીછે, સ્ત્રી જેવીરીતે પુરૂષનાં દોષગુણ જાણવામાં નિપુણ હોયછે તેવીરીતે પુરૂષ હોતા નથી, તેથી નારી સમાજ પુરૂષ સમાજને સુધારવાનો પ્રધાન ઉપાયછે. એ કારણથી ઘરમાં ગોંધી રાખવાની રીતિ નિંદનીય છે.

જેમ સૂર્યનું મૂલ્ય તેજછે, ચંદ્રનું મૂલ્ય જ્યોત્સનાછે, સોનાનું મૂલ્ય દીપ્તિ છે, તેમ સ્ત્રીનું મૂલ્ય પ્રેમ છે. એ ગુણથી તે દુર્ગમ પર્વતમાં નિઝરિણી છે, સંસારના માર્ગમાં વડની છાયા છે, અને જીવનના માર્ગમાં છત્રિ છે. એ જે અનુભવ કરે છે, તે વિધાતાની વિધિ જુવેછે.

નારીના જીવનનું લક્ષ્ય શું? કોઇ કહે છે કે, વિવાહ કરીને પુરૂષનો આશ્રય કરવો એ તેના જીવનનું લક્ષ્ય છે. કોઇ કોઇ કહે છે કે, સંસારનુંપાલન અને કુલને કાયમ રાખવું એ તેનું લક્ષ્ય છે. કોઇ કોઇ વળી કહે છે કે, પુરૂષમાં ઈશ્વરનો ન્યાય ભાવ અને સ્ત્રીમાં તેનો દયાનો ભાવ છે, દયાના ભાવથી અમર આત્માના વિકાશમાં મદદ કરવી એ તેના જીવનનું લક્ષ્ય છે.

તેના જીવનનું લક્ષ્ય ગમે તે હો, તેનો સ્નેહ દયા કેવલ

કુટુંબમાંજ બંધાઇ રહેશે તેમ નથી; જેમ સેંકડો પુરૂષ પોતાના કુટુંબની રક્ષાદિ કરીને જગત્‌ની ઉન્નતિને માટે શ્રમ કરેછે; તેમ સ્ત્રીએ પણ દુઃખીના દુઃખહરણ, અનાથ નિરાશ્રયોની રક્ષા, વિપદમાં પડેલાને વિપદમાંથી ઉદ્ધાર વિગેરેને માટે પુરૂષની મદદગાર થવું, પરંતુ કુટુંબનાં સુખ શાંતિમાં હરકત નાખીને આવું કામ કરવું નહિ.

સ્ત્રી અને પુરૂષના પક્ષે વિવાહ વિધિ છે, તોપણ જો કોઇ સમજે કે, અવિવાહિત રહ્યાથી તે કોઇ જાતનું મોટું કામ કરી શકશે, તો અવિવાહિત રહેવું. એવી રીતે અવિવાહિત રહીને ઘણીક સ્ત્રિયો જગત્‌નું કલ્યાણ કરેછે.

જેઓ વિવાહિત છે તેઓના પક્ષે પતિ પુત્રની રક્ષાજ મુખ્ય કાર્ય છે. વિલાયત વિગેરે દેશમાં નીચલી શ્રેણીના લોકોમાં નીતિની અવસ્થા ઘણી ખરાબ છે. ઘણા દારૂપીનારા પુરૂષો પોતાનાં સ્ત્રી પુત્રને જોતા નથી તેથી તેઓની સ્ત્રિયોને સંસાર ચલાવવાને માટે કારખાનામાં મજુરી કરીને ગુજારો કરવો પડે છે. તેથી બાલકની રક્ષાનો ભાર સંપૂર્ણ રીતે પારકાના હાથમાં આપવો પડે છે. એ કારણથી હજારો બાલક અકાલે મરી જાય છે. ઘણીક માતા તે મરી જાય તેથીજ તેઓને આપી જાય છે. વિપરીત સમાજિક રીતિ કેવો અસ્વાભાવિક ભાવ ઉત્પન્ન કરે છે?

પશુ તે છે જે સ્ત્રીને કહે છે કે, “મારી ઇન્દ્રિય સેવાને માટે તને લાવ્યોછું. મનુષ્ય તે છે જે કહે છે કે, “મારા સુખથી સુખી, દુઃખથી દુઃખી કરવાને માટે તને લાવ્યો છું.” દેવતા તે છે જે સ્ત્રીને કહેછે, કે “નિઃસ્વાર્થ પ્રીતિ કરીને તમોને સુખી કરીને હું સ્વર્ગમાં જઇશ તેથી તમોને લાવ્યોછું.”

સ્ત્રીની ચિંતા ઘણોખરો વખત પોતાના ઘરમાં બધ

રહે છે, તેથી ઉદાર અને મહત્ વિષયની શિક્ષા ન હોય તો સ્વાર્થપરતા, નીચતા, સંકીર્ણતા વિગેરે ઉત્પન્ન થવાની સંભાવના છે; એ વાસ્તે તેને ઉચ્ચ શિક્ષાની વિશેષ જરૂર છે.

વિવાહ.

વિવાહનો પશુ ભાવ એ છે કે, એનાથી સમાજ પ્રવાહની રક્ષા થાય અને મનુષ્યના રક્તમાંસમય શરીરનો એક સ્વભાવિક અભાવ દૂર થાય વિવાહનો મનુષ્યભાવ એ છે કે, એ બંને હૃદયને એકઠા ખેંચે છે, પ્રીતિ અને સદ્ભાવ વિગેરેથી જીવનને મધુમય કરે છે અને બંને હૃદયને પરિતૃપ્ત કરે છે. વિવાહનો દેવભાવ એ છે કે, વિવાહ પ્રીતિના સૂત્રમાં બંધાઈને એક આત્માને બીજાના સુખને માટે પોતાનો સ્વાર્થ ભૂલવાની શિક્ષા આપે છે; હૃદયની સાધુ પ્રવૃત્તિને ઉત્તેજિત કરે છે; એકની મદદથી બીજાની સાધુતાની વૃદ્ધિ કરે છે અને ઇન્દ્રિય સુખથી પરે જે માનવનું સુખ છે તેનો અનુભવ કરવાને મદદ આપે છે.

જેને વિવાહનો આ મોટો ભાવ લેવાની શક્તિ ઉત્પન્ન થઈ નથી, તેની હજીસુધી વિવાહ કરવાની ઉમર થઇ નથી.

વિવાહના મૂળમાં પ્રેમ, પ્રેમના મૂળમાં શ્રદ્ધા, શ્રદ્ધાના મૂળમાં એકમેકને જાણવું; તેથી આપણા દેશમાં વચમાં પડીને જે વિવાહ થાય છે તે તમાસાની વસ્તુ છે.

યુવક યુવતી દશની સાથે મળશે અને દશમાંથી એકને મનોનીત કરશે, આવો વિવાહનો એક મૂલ નિયમ થવો જોઇએ.

પ્રેમની પરીક્ષા કેવી રીતે થાય? (૧લી) પ્રેમ આંધળો

છે, સઘળી સ્ત્રી તથા પુરૂષમાં આ સ્ત્રી તથા પુરૂષ શ્રેષ્ટ છે એવું અનુભવ ન કર્યાથી પ્રેમ થતો નથી. (૨જી) પ્રેમ સ્વાર્થપર છે; હું જેને ચાહું છું તે બીજા કોઇને ચાહે છે એ સહન થઇ શકતું નથી. (૩જી) સર્વદા જોવાની ઈચ્છા: કેમ તેને જોવા ઇચ્છતો નથી? તોપણ જોવા ચાહું છું; એનું નામ પ્રેમ છે.

આપણા દેશમાં પ્રેમ શબ્દ અપવિત્ર જણાયલો છે એનું કારણ એ છે કે, પ્રેમ આપણા દેશમાં હમેશાં ખરાબ આકાર ધારણ કરે છે. પરંતુ પ્રેમ સ્વર્ગીય વસ્તુ છે, ઇશ્વરના હાથથી રોપેલો સ્વાભાવિક ભાવ છે.

પ્રેમથી ખેંચાઇને પુરૂષ અને સ્ત્રી જ્યારે વિવાહના સંબંધમાં બંધાય છે, ત્યારે તેઓ પોતપોતાના મસ્તક ઉપર નાના પ્રકારના કર્તવ્યનો બોજો લે છે. પોતાના સુખને વીસારી દઈને પતિ તથા પત્નીને સુખી કરવા, ધૈર્ય અને સહનશીલતાને ધારણ કરીને એકમેકની કસુર અને અપરાધ વહન કરવા, વાત્સલ્ય અને શાસનની સાથે છોકરાંની રક્ષા અને શિક્ષા આપવી, એ સર્વ ભાર તે વખતે લેવામાં આવે છે.

એ સર્વ બોજા લેવાને જે તૈયાર ન હોય અથવા સમર્થ ન હોય તેઓએ વિવાહ કરવો નહિ.

તેથી પુરૂષ કે, સ્ત્રીએ તેવી ઉમરમાં વિવાહ કરવો નહિ કે, જે ઉમરમાં કર્તવ્ય ભાર સમજવાની શક્તિ અને વહન કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ નહિ હોય.

બાલકો પોતાનાં સુખદુ:ખનો તથા ભવિષ્યના સારા નરસાનો વિચાર કરી શકતા નથી. જે દિવસે સારા નરસાનો વિચાર અને ઇચ્છાનો ઉદય થાય તે દિવસ મનુષ્ય જીવનનો એક મોટો દિવસ છે. તે વિવાહોચિત કાલનો આરંભ થયો.

મનુએ વિવાહની બે પ્રકારની વિધિ આપી છે. આઠ વર્ષે કન્યાને સંપ્રદાન કરવી એ શ્રેષ્ટ વિધિ છે. પરંતુ જો પિતા કોઇ કારણથી પોતાનું કર્ત્તવ્ય કરવામાં વિમુખ થઇને કન્યાનું દાન ન કરે તો બીજી એક વિધિ છે. તે આ છે, કન્યાએ યૌવન-સીમામાં પગ મૂકયા પછી ત્રણ વર્ષ સુધી પિતૃગૃહમાં વાટ જોવી, ત્યાર પછી પોતાને પસંદ પડતો પતિ શોધિને વિવાહ કરવો. અમે નાની ઉમરમાં કન્યા સંપ્રદાનને ઇશ્વરની ઇચ્છા-વિરૂદ્ધ સમજીએછિયે તેથી બીજી વિધિ અમારી અવલંબનીય છે; કારણ કે, તેની પહેલાં કન્યામાં પોતાનાં ભવિષ્યનો અને સારાનરસાનો વિચાર કરવાની શક્તિ ઉત્પન્ન થયેલી હોતી નથી.

પહેલાં કહેવામાં આવ્યું છે કે, પ્રેમના મૂળમાં શ્રદ્ધા છે. **એમારસન** કહે છે કે, એક બાલિકા રોજ દુકાનમાં ખાવાપીવાનું વેચાતું લેવા જતી હતી તે વેળાએ કેટલાક બાલકો તેની મશકેરી કરતા અને હસીને વિરક્ત કરતા; એક દિવસે જોવામાં આવ્યું કે, તેમાથી એક બાલકે તે બાલિકાના હાથમાંથી એક રૂમાલ પડી જતો જોયો તે જોતાંજ તેને ઉપાડીને તેમાંની વસ્તુ વીણીને બાલિકાને આપી. તે જોઇને વિચાર કર્યો કે, પ્રેમનો જન્મ થયો છે. લઘુચિત્તતા જ્યાં સુધી છે, ત્યાં સુધી પ્રેમ ઘણો છેટે છે. શ્રદ્ધાથી, હૃદય પૂર્ણ ન થાય ત્યાંસુધી પ્રેમના પગલા પડતા નથી, તેથી ખરો પ્રેમ જ્યાં હોય છે ત્યાં નીચ પ્રવૃત્તિને જગા મળતી નથી.

વિવાહને ત્રણ તરફથી જોવાય છે (૧ લી) ઇશ્વરની તરફથી. (૨ જી) ધર્મસમાજની તરફથી. (૩ જી) સાધરણ જનમંડળ તરફથી. વિવાહમાં આ ત્રણ રહેવા જોઇએ. અર્થાત્ વિવાહ વખતે ઇશ્વરનું નામ લેવું, બીજું ધર્મ

સમાજની પદ્ધતિ અને નિયમથી ચાલવું, ત્રીજું જનમંડળ-ની સન્મુખ વિવાહ કરવો.

જો કોઇ પુરૂષ કોઇ સ્ત્રીને પ્રતારિત કરીને કહે કે, આપણામાં જ્યારે પ્રેમ ઉત્પન્ન થયો છે ત્યારે આપણે ઇશ્વરની આંખે સ્વામી સ્ત્રી છિયે. દશ મનુષ્યને બોલાવાની શું આવસ્યકતા છે? ઇશ્વરતો જાણે છે કે, આપણો વિવાહ થયો વી રીતે જે પુરૂષ કહેછે તે સ્વાર્થપર છે; કારણકે તે એક સ્ત્રીને નુકશાની કરેછે તે શું જોતો નથી? જો તે લોક ભયથી એમ કરવા ઇચ્છે તો તે પુરૂષ અપદાર્થ છે, એવા પુરૂષની સ્ત્રી થવી કોઇ સ્ત્રીએ સંમત થવું ન જોઇએ. અસંકોચથી ઇશ્વર અને મનુષ્યની સમક્ષ કોઇ નારીને સ્ત્રી કહીને ગ્રહણ કરવાની જેનામાં હિમ્મત નથી તે માણસ નિશ્ચય ચાહતો નથી. તે સંબંધના મૂળમાં નિકૃષ્ટ ભાવછે.

જનમંડળ જો એવા દંપતીને પોતામાં મેળવવાને નં ચાહતો તેમ કરવાનો તેઓનો અધિકાર છે, કારણકે વિવાહના સમયે જેઓએ જનમંડળને અગ્રાહ્ય કર્યો છે, તેઓ બીજી વખતે ફરીયાદી કરી શકતા નથી.

પુરૂષ સેકડો પ્રેમની વાતો કરીને કર્ણસુખ ઉત્પાદન કરે તોપણ સ્ત્રીએ તેને આ વાત કહેવી "ધૈર્ય પકડો, ભદ્રોચિત અને ધર્મ સંગત રીતિથી મને ધર્મપત્ની સમજીને ગ્રહણ કરો, હું ત્યારપછી તમારા જીવનની સંગિની થઇશ." જે સ્ત્રીમાં આવી રીતની બોલવાની શક્તિ ઉત્પન્ન થઇ નથી તેણે દુઃખ ભોગવવાને માટે જન્મ લીધો છે.

વિવાહના પહેલાં જે પુરૂષ અસંગત આચરણ કરવામાં પ્રવૃત્ત હોય, હે નારિ! જો તમે બુદ્ધિમતી હો તો તે નિકૃષ્ટ-ચેતા પુરૂષને ઓલખી લો. અને જેમ ઘરમાં સાપ હોવાથી ભય રાખવામાં આવે છે તેમ તેનો સંગ પરિત્યાગ કરો.

પ્રેમ કરવો જેમ નારીનો સ્વભાવ છે, તેમ વિશ્વાસ કરવો એ તેની પ્રકૃતિ છે. ઘણાક નીચાશય, ખરાબ પ્રવૃત્તિ અને વિશ્વાસઘાતક પુરૂષ એ કારણથી નારીને ઘોર વિપદમાં નાખે છે. મૂર્ખ અને અપદાર્થ સ્ત્રી ધર્મ નિયમથી પોતાને શાસન અને રક્ષા કરી શકતી નથી, તેઓને દુર્ગતિથી કોણ બચાવી શકશે?

વિવાહાર્થિનિ રમણિ! તમારા પ્રતિ એક ઉપદેશ છે. જો પ્રેમથી ગંભીર રૂપથી બદ્ધ હો, તથાપિ ધૈર્ય અને લજ્જાની સીમાને ઉલ્લંઘન કરશો ના. નિકૃષ્ટ પ્રાણિઓમાં પણ જોશો તો સ્ત્રી જાતિ પુરૂષને શોધતી નથી. પરંતુ પુરૂપજ સ્ત્રી જાતિને શોધે છે. રમણી જો પ્રેમના આકાંક્ષી હોય તો તેનું માન રહેતું નથી. જેમ માછલીનું પેટ ચીરીને તેમાંથા આતરડાં વિગેરે કાઢીને તે સ્વચ્છ રાખ્યાથી તે માછલીને જોવાની ઈચ્છા થતી નથી. તેમ જે રમણી ધૈર્ય અને લજ્જાની સીમા ઉલ્લંઘન કરીને પોતાનો ગુપ્ત છુપો ભાવ દશ મનુષ્યના આંખ ઉપર ખુલ્લો કરે છે, તેની તરફ પણ જોવાની ઈચ્છા થતી નથી. સ્ત્રીના અતિશય પ્રગલ્ભતાથા ઘણાક લગ્નના સંબંધ ભાગી ગયેલા છે. ઘણાક પતિ પત્નીને મનમાંને મનમાં અવજ્ઞા કરતા શિખ્યા છે. હે મૂર્ખ બાલિકા! પ્રેમના આ ગૂઢતત્વને યાદ રાખો.

વિવાહાર્થી યુવક! તમારા પ્રતિ પણ કેટલીક વાત કહેવાની છે. તમે જે પ્રેમથી ખેંચાઇને કોઇ રમણીને પરણવાને તૈયાર થયા હો, તે પ્રેમ જો ખરો પવિત્ર અનુરાગ હોય તો તમે એ નારીનું માન સંભ્રમ, સુખ શાંતિના ઉપર નજર રાખજો. તમે જો તેની સરળતા અને અનુરાગને જોઇને તેના પ્રતિ એવો વ્યવહાર કરો કે, જેનાથી જે સમાજમાં તે છે અને જ્યાં તેને રહેવું પડે છે, તે સમાજમાં તેને લાંછન લાગે અને લોક-નિં-

દા સહન કરવી પડે, અને મનની અશાંતિ ભોગવવી પડે, તો તમે મૂર્ખ હોવા જોઇએ. નહિ તો નિકૃષ્ટ–ચેતા હોવા જોઇએ, તમારો તે પ્રેમ ખરો પ્રેમ નથી. તે પ્રેમ કેવી રીતનો? જેનાથી પ્રેમ પાત્રીને નુકશાની થાય! તે નિકૃષ્ટ સ્વાર્થપરતાનુ માત્ર નામાન્તર છે.

જ્યાં ખરેખરો પ્રેમ છે, ત્યાં લોકો વિચાર કરે છે કે, "મને ક્લેશ થાય તો કંઇ ચિંતા નહિ પરંતુ તે માણસ સુખી થાય, મને હરકત આવે તો કંઇ ફીકર નહિ પરંતુ તેને કોઇ રીતની હરકત ન આવે. મારી નુકશાની થાય તો કંઇ ચિંતા નહિ પરંતુ તેને લાભ થાય." તેમ ન કરતા જોવામાં આવે કે, એક યુવક પ્રેમ પાત્રીને રોજ જોઇ શકે, તથા થોડો વાર વાતચીત કરી શકે તે જાણીને તેની ઉન્નતિમાં હરકત નાખે છે તથા એવું આચરણ કરે છે કે, જેનાથી લોકસમાજમાં તે નારીને ધિકકારે તેવા પુરૂષને શું કહેવામાં આવે? તેવા સ્વાર્થપર પુરૂષને ધિક્ છે.

થોડુંક પણ આત્મશાસન જેનામાં નથી, તે પુરૂષનું ચરિત્ર ત્રણ બદામની કિંમતનું નથી.

જેઓ એકમેકને શ્રદ્ધા કરવા જાણતા નથી, એકમેકના માન સંભ્રમના ઉપર નજર રાખતા નથી, એકમેકની નુકશાની વૃદ્ધિ જોતા નથી, પરસ્પરના કલ્યાણોદ્દેશમાં ધૈર્ય, સાધુતા, ધર્મભય વિગેરેથી આત્મસંયમ કરી શકતા નથી, તે ચિંતાવગરના, લઘુચિત્તવાળા, કુશિક્ષિત અને દુર્બલ પ્રકૃતિનાં પુરૂષ અને સ્ત્રી જે સમાજમાં રહેછે તે સમાજનો કલંક છે.

વિવાહ અતિ પવિત્ર છે, અતિ મહાન્ છે, અતિ મોટું કાર્યછે, એ કામમાં જેઓ લઘુ ચિત્તવાળા થઇને પ્રવૃત્ત થાયછે, તેઓને ઇશ્વરના ઉપર વિશ્વાસ નથી, ધર્મના ઉપર પણ તેઓની આસ્થા નથી.

ગૃહ-દેવતા.

વિવાહના દ્વારા બે દાણા જ્યારે એકઠા બંધાયા, ત્યારે એક ગૃહનો આરંભ થયો.

નવદંપતી સંસાર માંડેછે, પરંતુ તેઓને સર્વથી પહેલાં શું કરવું જોઇએ ?

ગૃહસ્થનો ગૃહ-ધર્મ જો ઇશ્વરના ઉપર સ્થાપિત થાયતો સુખ શાતિનું ઘર થાય, એ વાસ્તે ધર્માવહ જે છે તેનું સિં-હાસન તે ઘરમાં રાખવું જોઇએ.

પૂર્વ પુરૂષો કેહેતા હતા કે, સ્રી પુત્ર કેવળ માયાનું બંધન છે; અમે કહીએછિયે કે, ઘરજ મનુષ્યની ભક્તિની અને કુટુંબ મનુષ્યના સાધનની જગા છે.

જ્યાં નિસ્વાર્થતા અને પ્રેમ પોતાનુ રાજ્ય વિસ્તારે છે, તે જો સાધનની જગા ન થાય તો પર્વત શૃંગમાં રહેવાથી ખરેખરૂં સાધન થાય કે નહિ તે જાણી શકાતું નથી.

પત્નીનું વિરસ મુખ, છોકરાંનું રડવું ઇશ્વર છોડીને જોશો તો એ સર્વ દુઃખનો કુંડ જણાશે, તે જો ઇશ્વરને પ્રાણમાં રાખીને જોશો તો એ વિરાગ અને કોલાહલમાં પણ સ્વર્ગ જણાશે.

પેલા છોકરાં આનંદિત અંતરથી ખાય છે, મા તરેહે તરેહેની વાતો કરાવીને ખવાડે છે, અને તમે તેની પાસે ઉભા રહેલો છો, વિશ્વાસની આંખે જુઓ, તમારી વિશ્વામાતા તમારા સુખ–ભોગવના ઉપર તેની પેઠે જોતી રહેલી છે એકવાર આ પ્રશ્ન પોતાને કરો શાવાસ્તે આ બાલકોને ખવાડોછો શામાટે એઓ સંતુષ્ટ ચિત્તથી ખાય છે તે દેખી સુખી થાઓ છો? શો ઉત્તર મળેછે? ઇશ્વરને શું એમાં જોઇ શકતા નથી?

લોકોની કેવી ભૂલછે, સાધનને માટે જંગલની તરફ જાય છે, ઝાડ ફળ વાત કહેતા નથી, તેઓમાં ઇશ્વરને જુઓ છો! હે માનવ! જો પ્રેમ હોયતો વન ઝાડના કરતા પક્ષી શું સારા નથી? તે કેવી રીતે બોલેછે! પક્ષીના કરતાં બાલક શું સારા નથી? કેવીરીતે અડધી અડધી વાતો કહેછે! હવે કહો જોઇને સાધનની જગા કઇ?

શાસ્ત્રકારો કહેછે કે, જ્યાં સુંદર વાયુ છે, ત્યાં બેસીને ઉપાસના કરવી, કહો જોઇએ જે વાયુ શરીર ઉપર લાગે છે અને નાકમાં પ્રવિષ્ટ થાય છે, તે વાયુ શ્રેષ્ઠ કે, જે વાયુ પ્રેમ નિઃસ્વાર્થતા અને પવિત્રતાથી ઉત્પન્ન થઇને આત્માની ઘ્રાણેન્દ્રિયને ખુશી કરેછે તે વાયુ શ્રેષ્ઠ?

જ્યાં પતિવ્રતાનું પ્રફુલ્લ અને નિષ્કલંક મુખ છે, જ્યાં બાલકોનું નિશ્ચિંત અને સરલ હસવું છે, જ્યાં ભાઇ બેહનનો અકૃત્રિમ સ્નેહ છે, જ્યાં માબાપનું પવિત્ર વાત્સલ્ય છે, આ સર્વ આધ્યાત્મિક સારભમાં માનવ જો તમે ઇશ્વરને ન મેળવી શકો તો કઇ જગાપર તેને **મેળવશો?**

ગૃહદેવતાનું સિંહાસન ન માંડતા ગૃહસ્થે સંસાર માંડવો નહિ.

આપણા દેશમાં લોકો સ્ત્રીઓને બહાર મોકલે છે તો જેમ આગળ પાછળ માણસો હોય છે તેમ માનવ! તમે પણ પ્રાર્થના દ્વારા આગળ પાછળ રક્ષિત થઇને તમારા કામને સંસારમાં મોકલો.

તમારૂં પ્રત્યેક કામને આવી ઓળખાણ આપવા દ્યો કે, તમે જે કંઇ કરો છો તે પરમેશ્વરના ઉપર દૃષ્ટિ ફેરીને સર્વદા કરો છો.

પ્રભાતનું ઓસનું ટીપુ ઘણું સુંદર દેખાય છે, પરંતુ નવોદિત સૂર્યના કિરણ તેમાં પડ્યાથી વધારે સુંદર દેખાય

છે, તેમ માનવ હૃદયની પ્રીતિ અને સદ્‌ભાવ સ્વત: જો-વામાં સુંદર છે, ઇશ્વર પ્રીતિ તેને અનુરંજિત કરે તો તે ઘણા સુંદર દેખાશે

એટલા માટે હે માનવ? ગૃહધર્મ કરવાં જતા ગૃહ-દેવતાને ભૂલશો ના.

કીડીનો સ્વભાવ એવો હોય છે કે, સઘળી કીડી હાર-બંધ જાય છે. તેના માર્ગમાં જો નખથી એક લીટી દોર-વામાં આવે તો તે સઘળી કીડી જતાં રોકાશે તે લીટીની પાસે આવીને વિચાર કરશે કે, તેને ઓલંગાશે નહિ તેથી તે કોઇ રીતે પણ લીટીથી બહાર જશે નહિ. તેમ તમારા કોઇ કર્ત્તવ્યના માર્ગમાં એ ભોગજોગે સંદેહ આવે અને તમોને અધર્મ થશે એવો ભય જો કોઇ કારણથી થાય તો તમે કોઇ રીતે તે સંદેહને લંઘન કરીને કામ કરશો ના. પ્રાર્થના-પરાયણ થઇને વારંવાર ઇશ્વરના શરણાપન્ન થાઓ, તેના સહવાસથી તમારો વિવેક ઉજ્જવલ થશે. તમોને પ્રકાશ મળશે.

જે હિસાબ બાર વર્ષની ઉમરમાં સમજી શક્યો નહોતો, વીશ વર્ષની ઉમરે વગર ઉપદેશથી અને વગર મદદથી તે હિસાબ કર્યો છે. એનું કારણ એ હતું કે, એ ઉમરમાં બુદ્ધિ ખીલી નહોતી, તે બુદ્ધિએ પ્રકાશ આપ્યો કે, તરત તે હિસાબ કરી શક્યો; તેમ ચરિત્રના સંબંધમાં પણ જોશો, જેટલા ધર્મ-જીવનના સંબંધમાં આગળ થશો, જેટલો વિવેક ઉજ્જવલ અને ધર્મ ભાવ પ્રકટ થશે તેટલા ઘણા કઠણ પ્રશ્ન પોતાની મળે મીમાંસીત થઇ જશે. ધર્મ-ભાવજ આત્માની આંખનો પ્રકાશ, છે ઇશ્વર ધર્મ ભાવનો જન્મદાતા છે. તેથી તેને છોડીને તમે તે પ્રકાશ કેવી રીતે પામશો? પ્રાર્થના કરો, પ્રાર્થના કરો, પ્રાર્થના કરો, પ્રાર્થનાજ ધર્મજીવનની જ્યોતિ અને બલ છે.

જ્યાં પ્રવૃત્તિનું મૂળ, જ્યાં વાસનાનો ઉદય, જ્યાં ચિંતાનો આરંભ, જ્યાં કલ્પનાનો જન્મ, ત્યાં હૃદયના મૂળ દેશ સુધી કોણ વિશુદ્ધ કરે? ગભીર આત્મ-દૃષ્ટિ અને આન્તરિક પ્રાર્થના સિવાય હૃદયનો અંતર પ્રવેશ વિશુદ્ધ થતો નથી.

આત્મ-દૃષ્ટિની સહાયતા અને ધર્મભાવની ઉદ્દીપનાને માટે ધર્મગ્રંથ પાઠ અને સાધુચરિત્રનો વિચાર કુટુંબમાં ધર્મ સાધનનું એક મોટું અંગ કરવું જોઇએ.

પરંતુ સાવધાન થઇને એકના ઉપર સર્વદા દૃષ્ટિ રાખજો, નિયમ પાળવાને માટેજ ઉપાસના ન કરવી; તેમ કર્યાથી કુટુંબમાંના લોકોને ધર્મનાં ઉપર અરૂચિ ઉત્પન્ન થશે. પ્રેમની સાથે જે વાત કહેશો તો સર્વના હૃદયને વિંધશે. એટલા માટે ઇશ્વર–પ્રેમ વધારો.

જ્યાં પ્રેમ હોય છે, ત્યાં વસ્તુ જુની થતી નથી. જડ જગત્‌ને ચાહતા નથી તેથી ચંદ્ર, સૂર્ય, તરૂલતા, પશુપક્ષી જુના થયા છે, પરંતુ શું કોઇએ સાંભળ્યું છે કે, માનું મુખ, ઓળખીતા બંધુનું મુખ, પત્નીનું મુખ તથા પુત્ર કન્યાનું હસતું મુખ જુનું થયું છે? ઇશ્વર ઉપર પ્રીતિ કરશો તો ધર્મ સાધનમાં કોઇ કામને જુનું અને ભારવાળું સમજશો નહિ.

કેવળ એટલુંજ નહિ પણ જેના ઉપર પ્રીતિ રાખતા નથી તેને માટે એક લોટો પાણી લઇ જઈ શકતા નથી, જેના ઉપર પ્રીતિ રાખીએ છિયે તેને માટે બે મણ બોજો લઇ જવાને બોજો સમજતા નથી. એટલા માટે ઇશ્વરની પ્રીતિ અને ગૃહધર્મ તેનું પ્રિય કાર્ય સમજીને પાલન કરો, એમ સમજશો તો કદી થાકશો નહિ.

આપણે ઘણીકવાર ઘણાક ભાવે બેસીએ છિયે. સર્વ સમયે આપણું મુખ સુંદર દેખાતું નથી. પરંતુ જ્યારે

ઇશ્વરની ઉપાસનાને માટે બેસીએ છિયે ત્યારે આપણું મુખ સ્વર્ગીય શોભા ધારણ કરે છે, જે પ્રાણમાં પાપને માટે અનુતાપ છે, પુણ્યને માટે આકાંક્ષા પ્રબલ થઇ છે, જ્યાં પ્રેમનો ઉચ્છવાસ થાય છે, તે પ્રાણની આભા જે મુખ ઉપર પડે છે તેતો સ્વર્ગની છબી છે. હે માનવ! પુત્ર કન્યાને મુખ દેખાડીને મુગ્ધ કરવા ઈચ્છતા હો તો તે મખ દેખાડો; માતા નિમીલિત નેત્રથી હાથ જોડીને ઇશ્વરાધનામાં લાગેલી છે, મીચેલા નેત્રમાંથી ભક્તિના આંસુ પડે છે, તેની સામે એ બાલકો અવાક થઇને એક દૃષ્ટિથી માના મુખ તરફ જેયછે અને તેના મુખની પ્રત્યેક રેખામાં પ્રેમ અને પવિત્રતાનો પાઠ શીખે છે. એ દૃશ્યની એકવાર મનમાંને મનમાં કલ્પના કરો.

ધર્મની વાત શું કહીને શીખવાડી શકાય? જે ધર્મરૂપી અગ્નિ પ્રાણમાં છુપાઇને ફરે છે, તે પ્રાણમાંના અગ્નિની ગરમી બહાર પ્રકાશ આપે છે, તે ગરમીમાં રહી તે છોકરાં ધર્મનું માહાત્મ્ય સમજી શકે છે અને ઇશ્વરની તરફ ખેંચાય છે. પ્રાણનો એ અગ્નિ ઇશ્વર સિવાય બીજો કોણ સલગાવી શકે? એટલા માટે ઇશ્વરને છોડીને કદીપણ ગૃહધર્મ કરશો ના.

પતિ પત્નીનો સંબંધ.

જ્યારે વિવાહિત દંપતીએ સંસારમાં પગ મૂકયો, ત્યારે તેનો પૂર્નજન્મ થયો એવું સમજવું જોઇએ. એ સંબંધથી માનવ ચરિત્રનું આશ્ચર્ય–પરિવર્તન થાય છે તે વાકયથી કહેવાઇ શકાતું નથી. એ શિક્ષણ સ્વાર્થપરને ઉદાર કરે છે, લઘુચિત્તને ચિંતાશીલ કરે છે, ઉદ્ધતને વિનીત કરે છે, અને કર્કશાને મધુર કરે છે. લગ્નના દિવસથીજ એકના

ચરિત્રમાં સારા નરસા જે કંઇ ભાવ હોય છે તે બીજાના ચરિત્રમાં કામ કરે છે.

ત્યારપછી પ્રત્યેક કાર્ય અને પ્રત્યેક બનાવ બંને હૃદયને એક સૂત્રમાં બાંધેછે.

એટલુંજ નહિ પણ એ સંબંધમાં અતિ નિકૃષ્ટ અને શારીરિક ગણ્યલુંછે તેમાં પણ ગૂઢ ઐશ્વરિક અભિપ્રાય રહેલોછે, તેનાથી પણ પ્રીતિના સૂત્રને દૃઢ કરેછે.

પરંતુ રંગ ભૂમિમાં જેવી રીતે જેઓ વેશ ભજવેછે, તેઓ નાટકના સ્રોતમાં પડીને નાટકનું સુખ અનુભવ કરી શકતા નથી. પરંતુ નિર્લિપ્ત જોનારા ખરું સુખ અનુભવ કરે છે; તેવી રીતે સર્વ પ્રકારના ઇન્દ્રિય સુખના સંબંધમાં આવી રીતનો નિયમ જોવામાં આવે છે કે, જે માણસ તે સુખનો દાસ છે, તે તે સુખ ખરી રીતે અનુભવ કરી શકતો નથી. પરંતુ જે મનુષ્ય આત્મસંયમથી પોતાને ઘણો નિર્લિપ્ત કર્યો છે, તે વિશુદ્ધ સુખ અનુભવ કરી શકે છે.

એટલા માટે બીજા પુરૂષ અને સ્ત્રીના સંબંધમાંજ ફક્ત ઇન્દ્રિય સંયમની આવશ્યકતા છે તેમ નથી; પણ વિવાહિત દંપતીના પરસ્પરના પ્રતિ પણ જિતેન્દ્રિયતા ઘણી જરૂરની છે.

ઘણા વિવાહિત પુરૂષના દોષથી સ્ત્રી અને સ્ત્રીના દોષથી પુરૂષની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક દુર્ગતિ થાય છે અને ઇશ્વરની આંખે તેઓ નિંદયનીય છે.

દાંપત્ય સંબંધ જનમંડળનો અને કાયદાનો અનુમોદિત જાણીને એ વિષયમાં પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવાનો અધિકાર છે એવું સમજવું કર્ત્તવ્ય નથી.

વિશુદ્ધ પ્રેમ, પરસ્પરનાં સુખ તંદરોસ્તીના ઉપર જાગૃત દૃષ્ટિ, પરસ્પર આત્માની કલ્યાણ કરવાની ઇચ્છા, પરસ્પરને સુખી કરવાની ઇચ્છા વિગેરે સદ્ભાવ અને સાધુતાથી ધા-

ર્મિક લોકો પોતાના ચિત્તને નિયમમાં રાખે છે, એ સર્વ બંધન જેઓ નિયમિત કરતા નથી, તેઓના ચરિત્રમાં હજીસુધી ધર્મ બેઠો નથી.

દાંપત્ય સંબંધની નિકૃષ્ટતાથી ઘણાક પુરૂષે સ્ત્રીજાતિની પ્રકૃતિનું મૂળ એવુંતો દૂષિત કર્યું છે કે, તેઓ પોતાની કલ્પના અને અપવિત્રતાના વિચારમાં સુખ માને છે.

વિશેષ કરીને જ્યાં બાલ્ય વિવાહથી તરલમતિ બાલક બાલિકાને નાની ઉમરમાં દાંપત્ય સંબંધમાં દીક્ષિત કરવામાં આવે છે, ત્યાં તેઓની ચિંતા અને કલ્પનાના મૂળમાં એવું ઝેર પ્રવિષ્ટ કરવામાં આવેલું હોય છે. દુરારોગ્ય જખમની પેઠે તે ઝેર ચરિત્રની ઉપરની ચામડીની નીચે છુપાઇ રહે છે; વચમાં વચમાં તે ચામડીને ખસેડવાથી તે ઝેરી જખમની જગા જોવામાં આવે છે, એ વાસ્તે બાલ્ય–વિવાહ અતિ નિષિદ્ધ છે. એના જેવું સ્ત્રી પુરૂષના સંબંધને હાનિ કર્તા બીજું કંઇ નથી.

આપણામાં ઘણીક લાજ કાઢીને જનારી કુલ વધૂ જોઇએછિયે, તેઓ જાણે લજ્જવતી લતા હોય નહિ એવી દેખાય છે. પરંતુ વધૂઓમાંની કેટલીકને જુઓ, એવી કોઇ કુત્સિત ભાષા ન હોય, એવું કોઇ કુત્સિત ગીત ન હોય, એવી કોઇ કુત્સિત કલ્પના ન હોય કે, જે એ વધૂઓ શીખી નહિ હોય. કોણે તેઓની કલ્પનાને આટલીબધી દૂષિત કરી? એકએક પગલું આગળ જતાં વિચાર કરશો તો અસમયે દાંપત્ય સંબંધમાં દીક્ષિત થવાનું કારણ જાણશો, સમાજની કુત્સિત હવા પણ તેનું કારણ જણાશે.

જે દાંપત્ય સંબંધના મૂળમાં શ્રદ્ધા નથી, તે લઘુચિત્તતા અને ઇન્દ્રીય–સેવામાં આવી જાય છે.

વ્યભિચારનો અર્થ એ છે કે, પતિ તથા પત્નીનો મળેલો અધિકાર બીજાને આપવો. એ કાયિક, વાચિક અને માનસિક

એ ત્રણથી અપાઇ શકાય છે. મનુએ કહ્યું છે કે, પતિના અગોચરમાં પત્નીને ઉપહાર મોકલવું, રમત અને હસવાના છળમાં અંગને સ્પર્શ કરવો, એકાંતમાં એક આસન ઉપર ઘણોવાર બેસવું, શરીરથી કોઇ જાતની સેવા કરવી, એ સર્વ વ્યાભિચારમાં ગણાય છે. અમે પણ કહીએછિયે કે, એ સર્વ વિશુદ્ધ નીતિથી ઉલટું છે. કેવળ એટલુંજ નહિ પણ જે પુરૂષ તથા સ્ત્રી પરસ્પરના પ્રતિ આવો વ્યવહાર કરે છે, અને તે કરીને સુખી થાય છે અને તેમ કરવાને માટે યત્ન કરે છે, તેઓની પ્રકૃતિ કેવી નીચ હોવી જોઇએ તેનું બીજું પ્રમાણ આપવાની આવશ્યકતા નથી.

પતિ પત્ની ખરીરીતે અપરાધી ન હોય તથાપિ તેઓના આચરણની શિથિલતા તથા અસાવધાનતાથી લોકોના મનમાં સંદેહ ઉત્પન્ન થાય તો તે સંદેહ જેટલો ફેલાય તેટલો લોકની અધોગતિને મદદ આપે છે.

દંપતીના પક્ષે સ્વચ્છતા આર્થત્ અકપટતાની ઘણી જરૂર છે ઘણી અપ્રિય વાત હોય તો પણ તે કહેવાનો સંપૂર્ણ અધિકાર રહેવો જોઇએ.

ઘણીક જગાપર એવું થાય છે કે, પતિ પત્ની જ્યારે એકઠાં થાય છે ત્યારે પતિ તેની બહારની ચિંતા બહાર રાખીને આવે છે, પત્ની તેની સંસારની ચિંતા સંસારમાં મૂકીને આવે છે. પત્ની બહાર ક્યાં ક્યાં શું શું છે તે જાણતી નથી, પતિ સંસારમાં ક્યાં શું છે તે જાણતો નથી. તેનું મુખ્ય કારણ શીખવાનો અભાવ છે. પરંતુ ખરા દાંપત્ય સંબંધનો આ નિયમ નથી હોતો; પરસ્પરનો ભાર પરસ્પરે વહન કરવો જોઇએ.

ઘણાક સ્વામી દાસદાસી તથા છોકરાંની સામે પત્નીને અપમાન, તિરસ્કાર તથા અવજ્ઞા કરે છે એથી તેઓને ઘણી-

આણીના પદથી બાતલ કરવામાં આવે છે જે કંઇ કહેવાનું હોય તે એઓની ગેરહાજરીમાં કહેવું જોઇએ; સ્ત્રીના પક્ષે પણ એજ કર્त्तव्य છે.

જેમ દંપતી પોતાના પ્રેમ વિષય જ્યાં ત્યાં કહેતી ફરતી નથી, તેમ પરસ્પરની જે કંઇ કસુર જુઓ તે પણ લોકાલયમાં કહેતા ફરશો ના.

ઘણીક સ્ત્રી સ્વામીનો અભાવ અને અવસ્થાના ઉપર નજર ન કરતા કેવળ પોતાના અભાવ જુવે છે, આથી સ્વાર્થપરતા અને સમદુઃખસુખતાનો અભાવ પ્રકાશ થાય છે. એના જેવો પ્રેમનો શત્રુ બીજો કોઇ નથી.

ઘણીક મૂર્ખ સ્ત્રીઓમાં એક જાતની દુર્બલતા છે; મોઢાનું આદર તેઓનું ઘણું મીઠું હોય છે. પતિ બાલકની પેઠે તેઓને આદર કરે એ તેઓ ચાહે છે, તેથી વાતપર વાત માનવાળી થઇને તે આદર નવો કરી લે છે, વાતપર વાત તેઓ પ્રેમનો અભાવ જોઈ શકે છે, અને પોતાને અભાગીપણુ સમજીને શોક કરે છે; એવી સ્ત્રી પ્રીતિની પાત્રી હોવા છતાં પણ પુરૂષની શ્રદ્ધાની પાત્રી થઇ શકતી નથી.

જીવન-સંગ્રામ ઘણું ભારી સંગ્રામ છે; ઘણો વિચાર કર્યાથી, ઘણું કામ કર્યાથી આ જીવનમાં મનુષ્ય થવાય છે; અને પોતાનું કર્त्तव्य સારી પેઠે બજાવવામાં આવે છે. રમણિ! તમે તે વિષયમાં ખરા મદદગાર થવાને માટેજ દાંપત્ય સંબંધમાં જોડાયલા છો, એને ભૂલશો ના. ખુણામાં બેસીને બાલિકાની પેઠે રડવાથી કંઇ થશે નહિ; ઉઠો કમર બાંધો, હિંમત અને ધૈર્ય અવલંબન કરીને પતિના ખભાની પાસે પોતાનો ખભો આપો. સંસારમાં પોતાનું કર્त्तव्य બજાવવું એ કંઈ છોકરાંની રમત નથી.

વળી કેટલીક મૂર્ખ સ્ત્રીનો એવો સ્વભાવ જોવામાં આવે છે કે, તેઓ પતિને સર્વ ગ્રાસ ન કર્યાથી સંતુષ્ટ થતી

નથી. પતિનો સઘળો પ્રેમ, સઘળો સમય, સઘળો પૈસો, અધિકાર ન કરી શક્યાથી ઘણી દુઃખિત થાય છે; તેઓનું રડવું કોઇ રીતે બંધ થતું નથી. એટલુંજ નહિ પણ પતિ પાંચ છ મિત્રોની સાથે બે ત્રણ કલાક ગાળે તો તે ઘણી દલગીર થાય છે; એ વિષય લઈને પતિ ઘણી યંત્રણાનું કારણ થઇ પડે છે. એવી મૂર્ખ પત્નીના પ્રતિ ઉપદેશ એ છે કે, તમો ચાહો છો તેથી શું માથાના વાળ સુધાં વેચ્યા છે? જાણવું કે, તમારા પતિઓને બીજાના પ્રતિ, સ્વદેશના પ્રતિ, પરમેશ્વરના પ્રતિ પણ ઘણું કર્ત્તવ્ય કરવાનું છે, તે ભૂલી જવાથી તેઓ મનુષ્ય થઇ શકતા નથી અને તે મનુષ્યત્વ લાભમાં મદદ કરવી એ તમારૂં કર્ત્તવ્ય છે.

સુખની સાથે ગૃહ–ધર્મ કરવો હોય તો પગલે પગલે ક્ષમા ગુણની વિશેષ જરૂર છે. એકદમ ક્રોધથી આપણે એવી ઘણીક વાતો કહી નાખીએ છિયે, અથવા એવા ઘણાક કામો કરી બેસીએ છિયે કે, તેને માટે આપણે પછી અનુતાપ કરીએ છિયે. પતિ અથવા પત્ની જો ક્રોધની વેળાએ તે સર્વ વાત અને કામની ક્ષમા ન કરે તો કોઇ રીતે ઘરમાં શાંતિ રહેતી નથી. પ્રસન્ન મનથી એ સર્વ ભૂલી જવું જોઇએ. ઘણીક સ્ત્રીઓમાં આવી સદ્બુદ્ધિ ન હોવાથી કુટુંબમાં અકલ્યાણ જોવામાં આવે છે.

જે ઘરમાં સંદેહ અને ઇર્ષ્યા રહે છે, તે ઘર કાંટાની પથારીના જેવું છે. કોપન સ્વભાવના જેઓ કુટુંબની શાંતિનો બીજો શત્રુ નથી. જ્યાં મન અસંકોચથી રમી શકતું નથી, તે પોતાનું ઘર નથી. ઘણીક સ્ત્રીઓ એ કારણથી સ્વામીના વિપથ-ગમનનું કારણ થઇ પડેછે.

તંનદરોસ્ત શરીર, મિતાચાર, શાંત પ્રકૃતિ અને પરસ્પરને સુખમાં રાખવાની ઇચ્છા, આ ચાર ઉપાદાન જે ઘરમાં

મળેલા હોય તે ઘરમાં દેવતા સ્વર્ગમાંથી જુવે છે; કારણ કે, તે ફુલના બગીચાના કરતાં સુંદર જણાય છે.

તુફાની હવા આવ્યા પછી કેળના બગીચાનો જેવો દેખાવ જોવામા આવે છે, તેવો અમિતાચારી અને કોપન-સ્વભાવ લોકોના ઘરમાં પગ મૂક્યાથી નજરે પડે છે. તે દેખાવ સાધુ લોકો જોઇને મનમાંને મનમાં શોક કરે છે.

સરોવરના પાણીમાં પથરો નાંખ્યાથી તરંગાયિત પાણી સ્થિર થવાને જેમ દશ મીનીટ લાગે છે, તેમ એકવાર ક્રોધ કર્યાથી ગૃહસ્થના ઘરમાં પ્રેમનો જે વ્યાઘાત થાય છે, તેને પહેલી હાલતમાં આવતા દશ દિવસ લાગે છે.

એકના સુખથી બીજા સર્વ સુખી થાય છે એ કુટુંબના સંબંધનું સૌન્દર્ય છે.

જેના આચરણની ક્લેશ મળ્યો છે અથવા જેની કર્કશ ભાષાથી વિદ્ધ થયા છો તેનું સારૂં કરવાના વિચારમાં રત રહો. પત્ની ઘરમાં દુર્વચનથી દગ્ધ થઇ બેઠી હોય અને પતિ બહારથી આવીને તેની પૂર્વ સ્થિતિ આણવા સારૂં ધર્મ શિક્ષાનો ઉપાય ચિંતા કરે એજ કુટુંબના સંબધનું દેવત્વ છે.

પ્રીતિ એક વસ્તુ છે, શ્રદ્ધા બીજી વસ્તુ છે. નિરવછિન્ન પ્રેમને દાંપત્ય સંબંધનો પાયો કરવો ઉચિત નથી, પતિ પત્નીના પરસ્પરના પ્રતિ શ્રદ્ધા છે કે નહિ તે જોવું કર્તવ્ય છે. જે પતિના ઉપર પત્નીની પ્રગાઢ આસ્થા અને બહુજ શ્રદ્ધા છે તેજ પુરૂષ છે, તેમાં ખરેખરી સાધુતા છે. જે સ્ત્રીના ઉપર પતિની ઘણી શ્રદ્ધા છે તેજ ખરી સાધ્વી સ્ત્રી છે. બહારના લોકો ચરિત્રની પીઠ જુવે છે, પત્ની અંદરથી પીઠ જુવે છે, તેથી ચરિત્રમાં ખરી સાધુતા ન હોય તો તેની (સ્ત્રી) પાસેથી શ્રદ્ધેય થઇ શકાતું નથી; તેથી

લોકોનું ઘર ચરિત્ર પરીક્ષાનું અતિ યોગ્ય સ્થળ છે. કોઇ પશુવત્ છે કે દેવતાવત્ છે તે તેની સ્ત્રીની સાથે બે ઘડી વાત કર્યાથી જાણવામાં આવે છે.

જેઓ કહે છે કે, સ્ત્રીની પ્રતિબંધકતાથી વિશ્વાસનુરૂપ કામ કરી શકતો નથી, તેની વાતથી એ સાબેત થાય છે કે, પોતાની સ્ત્રીના ઉપર તેઓના ચરિત્રનો કોઇ પ્રભાવ નથી. અંતરમાં પ્રવિષ્ટ થઇને જોયાથી ઘણી જગાપર જોવામાં આવશે કે, દાંપત્ય સંબંધની નિકૃષ્ટતાજ એનું મોટું કારણ અને તેઓનું બહારનું ચરિત્ર જેવું હોય છે તેવું ઘરનું હોતું નથી. સ્થળ વિશેષમાં પત્નીમાં ઉચ્ચ ભાવ ગ્રહણ કરવાની શક્તિ ન હોય, પરંતુ એવી જગા ઘણી થોડી હોય છે.

છોકરાંનું પાલન.

પ્રેમની પહેલી દુનિયાં લગ્ન છે. બીજી દુનિયાં છોકરાંનું મુખ જોવું. ઘણાક સ્વાર્થી માણસોને આ ઉપાયથી પરમેશ્વર નિઃસ્વાર્થી કરે છે.

છોકરાં આપણને પગાર આપતાં નથી તો પણ ચાકરની પેઠે કામ કરીને મરી જઇએ છિએ! આપણી હજારો પ્રકારની આધી ઉપર તેઓની નજર નથી, ઉલટું તેઓથી થોડું પણ કષ્ટ સહન થઇ શકતું નથી. કેવી અજાએબ જેવી ગુલામગીરી. શા વાસ્તે આ ગુલામગીરી કરીએ છિએ? તેઓ જ્યારે આપણા ઘરમાં રમતાં ફરે છે ત્યારે માલુમ પડે છે કે, આપણે અને આપણું જે કંઇ છે તે સઘળું તેઓનેજ માટે છે. પહેલાં તેઓનાં સુખ અને સુવિધાનું સ્થાન રાખ્યા પછી આપણાં સુખ અને સુવિધાનું સ્થળ રાખવામાં આવે છે.

બાલકોની રક્ષા અને પાલવાનો ભાર માના ઉપર છે; તે ભાર ઇશ્વર તરફથીજ છે. એ કારણથી ઇશ્વરે એ ભાર ઉપાડવાને માટે લાયક વસ્તુ પણ આપી છે. એ વસ્તુ નિઃસ્વાર્થ પ્રેમ છે. જો માની અશક્તિને લીધે છોકરાં પાલવાનો ભાર બીજાને આપવામાં આવે તો છોકરાં કદી પણ સારી પેઠે પલાઇ શકાતાં નથી. જ્યાં તે માતૃસ્તન્ય અને માતૃ સ્નેહ નથી, ત્યાં કેવી રીતે તેનો યત્ન થઇ શકે? સ્વાર્થપર દાસ દાસી જેઓનો ફક્ત પૈસાનો સંબંધ છે. તેમના મનમાં મારો છોકરો માંદો થયો એવો આઘાત લાગશે? તેનું પ્રફુલ્લ મુખ જોઇને શું તેઓના પ્રાણમાં તેટલું સુખ થશે?

એ વાસ્તે એક બાલક પોતાની રક્ષા પોતે કરવા સમર્થ થાય તે પહેલાં ઘરમાં બીજાં છોકરાંનો જન્મ થવો ન જોઇએ. ધાર્મિક માબાપોએ છોકરાંના કલ્યાણને માટે પોતે સર્વદા શાસનમાં રહેવું. આ આત્મસંયમમાં આપણે જેટલાં રહીશું તેટલાં ઇશ્વર ઇચ્છાનુસાર કામ કરી શકીશું.

દુનિયાંમાં કેવી અધર્મની હાલત થઇ છે. ઘણીક મા છોકરાંને પાલવાનો ભાર સામાન્ય મૂર્ખ દાસ દાસી ઉપર સોંપીને પોતે વિશ્રામ સુખ અનુભવ કરે છે. રાતે ઉંઘમાં અનાસય આવવા દેતી નથી. ઇંગ્લંડ વગેરે સુધરેલી સમાજમાં એવા દૂષિત આચરણથી ખરાબી થાય છે. વિશેષ કરીને નીચલા વર્ગમાં ઘણો અફસોસ કરવા લાયક બનાવ બને છે. તેઓમાં ઘણીક વિવાહિત સ્ત્રીઓ આખો દિવસ કારખાનામાં કામ કરવા જાય છે, તેઓ મોહોલાની કોઇ સ્ત્રી સાથે બંદોબસ્ત કરીને તેના હાથમાં છોકરાં સોંપીને દૂધના પૈસા આપી જાય છે. એ છોકરાંનું પાલન કરવું એ પેલી વૃદ્ધ ડોસીનો એક જાતનો વેપાર હોય છે, તેથી એમાંથી તેઓ લાભ કરવાનો યત્ન કરે છે. મા જો દિવસમાં ચાર વખત દૂધ આપે તો

તેઓ બે વાર આપે છે, દૂધમાં ઘણું પાણી મેળવીને તે પાય છે, જો બાલક રડવા માંડેતો અફિણ ખવાડીને સુવાડેછે. બાલકને એવી રીતે ઘણા દિવસ સુધી પાલવું પડતું નથી. થોડી મુદતમાં બાલક મરી જાય છે. બાલકો તેઓની માને બોજા જેવાં હોય છે, તેથી ઘણીક જગા પર બાલકો અકાલે મરી જવાથી માનો ખર્ચ બચે છે અને તેથી દુઃખી થતી નથી. ઇશ્વરની ઇચ્છા વિરૂદ્ધ બંદોબસ્ત કર્યાથી કેવું માઠું પરિણામ ઉત્પન્ન થાય છે તે. જુઓ.

હિંદુઓમાં મા હમેશાં છોકરાંની દાઇ, રસોઇ કરનારી અને દાસીનું કામ કરનારી ચાલી આવેછે. જગદીશ્વર કરે ને તેઓનો ભાર હમશાં રહે. જે કેળવણી અને સુધારાથી નાનાં બચ્ચાંને પારકાના હાથમાં આપવાં પડે તે કેળવણી અને સુધારાને ધિક્કાર છે.

જે ઘરમાં ક્રોધવાળાં માબાપ છે તે ઘરમાં બાલકનું મન રમી શકતું નથી. માછલાં જેમ ન રમવાથી વધતાં નથી, તેમ બાલકનું મન ન રમવાથી વધતું નથી.

સુબોધ અને આજ્ઞામાં રહેનાર છોકરાંની સમાજમાં ઘણી પ્રશંસા થાય છે, પરંતુ તેને સુબોધ અને આજ્ઞામાં લાવવામાં ઘણીક વખતે ભારે સજા કરવાથી આગળ ઉપર પરિણામ ખોટાં થાય છે.

બાળક રમે છે તેને બોલાવ્યો પણ આવ્યો નહિ; એક પદાર્થ લાવવાને કહ્યું તે લાવ્યો નહિ એમાં તેટલો દુઃખનો વિષય નથી; પરંતુ બીજો એક માણસ ક્લેશ પામે છે તે જોઇને દુઃખ થયું નહિ, એક કામ કરીને તે સાચું બોલવાને સાહસી થયો નહિ; એક અન્યાય વ્યવહાર જોઇને તથા પોતે કરીને દુઃખિત થયો નહિ એ વધારે ખેદનો વિષય છે.

ત્યારે બાલકો જે પોતાની ઇચ્છામાં આવે તેજ કરે એવું પણ થવું ન જોઇએ. એવું જો તેઓને વધારે કરવા દેવામાં આવે તો મોટપણે ઇચ્છેલી વસ્તુ મેળવવામાં વિલંબ સહન કરી શકશે નહિ. ધૈર્ય અને સહનશીલતા એ બે મોટા ગુણ તેઓના ચરિત્રમાં વિકસિત થશે નહિ. આજે જે ઈચ્છા થઈ તે પરમ દહાડે મળશે, આ મહિનામાં જે પામ્યો નહિ તે આવતા મહિનામાં પામશે એવી રીતે તેઓને સહનશીલતા શીખવવી જોઇએ. તેઓના અયોગ્ય ઇચ્છા બંધ પાડીને તેઓને ધૈર્ય શીખવવું જોઇએ આમ થતાં ભવિષ્યમાં તેઓ સાધુ ઇચ્છાથી અસાધુ ઇચ્છાને રોકી શકશે, માબાપના શાસનને તેઓ મનમાં લાવી શકશે.

બાલકોને શાસન અને શિક્ષા કરવાના સંબંધમાં એક વાત હમેશાં યાદ રાખવી જોઇએ તે પાછી કહેવામાં આવે છે. ઘરમાં ન્યાય ભરેલી સ્વાધીનતા અને ન્યાય ભરેલું શાસન એ બંને રહેવું જોઇએ. બાલકો રમતાં નાચતાં ફરતાં ફરે, જાણે તેઓના ઉપર કોઇ જોનાર નથી પણ સર્વ સ્થલે કોઇ ન્યાયી વડીલની તેમના ઉપર નજર છે એમ તેમને લાગવું જોઇએ.

એવાં ઘણાંક મૂર્ખ માબાપને જોયાં છે જે એમ માને છે કે છોકરાં રમવામાં થોડો વખત ગાળે છે તે ખરાબી કરે છે અને રાત દિવસ પુસ્તકમાં જીવ રાખી શકે તેનીજ ખરી ઉન્નતિ થાય છે. એ ભૂલ ભરેલા વિચારથી તેઓ છોકરાંની રમત સહન કરી શકતાં નથી. એ લોકોનાં છોકરાં તવાયલાં માંદાં નિષ્પ્રભ જડ સ્વભાવનાં થઇ જાયછે.

બાલકોને રમવામાં હરકત નાંખવી નહિ તેઓને જે શિક્ષા આપવી તે પણ રમતની અંદર આપી શકયાથી ઘણું સારૂં પરિણામ થશે. બાલક અક્ષર ઓળખતો નથી.

તરેહવાર જાતનાં રંગ બે રંગી ચિત્રવાળાં પાનાં લઇને તેની સાથે રમવાનો આરંભ કરો તો હસતાં હસતાં બે દિવસમાં શીખી જશે.

જે તેના બોજા જેવું છે, તે તેને ધિક્કારની વસ્તુ છે, જે ધિક્કારની વસ્તુ છે તે મનમાં કેવી રીતે આવી શકે?

૧૬ વર્ષ સુધી બાલક બાલિકાને જોવાનો અને સાંભળવાનો વખત છે વિચાર કરવાનો વખત નથી; તેથી એ વખતે જે શીખવવું જોઇએ તે જેટલું સંભવ હોય તેટલું દેખાડીને સંભળાવીને શીખવવું જોઇએ. જેમાં બુદ્ધિ અથવા કલ્પનાની જરૂર પડતી હોય તે તેઓ સહેલાઇથી શીખી શકતાં નથી. સિંહ આફ્રિકા દેશમાં રહે છે, જોવામાં એ એવી રીતનો છે, ગરદન ઉપર ગુચ્છાવાળા વાળ છે. ઇત્યાદિ કહીને તેની દુર્બલ કલ્પના શક્તિને ઉત્તેજિત શા વાસ્તે કરો છો? જો પાસે કોઇ પશુશાળા હોય તો એક દિવસ સિંહ દેખાડી આણો, ત્યાં ઉભા રહીને તમો આફ્રિકા દેશ અને પર્વતની ગુફાની વાત કહેશો તો તે સર્વ વાત હમેશાં યાદ રાખશે. બે જાતની ગ્યાસથી પાણી થાય છે એ કહીને શા વાસ્તે ક્લેશ આપો છો? જો કરી શકો તો એકવાર પાણી તૈયાર કરી દેખાડશો તો કદી પણ ભૂલશે નહિ. અને એવું મન લગાડીને જોશે જે જોઇને અજાયબ થશે.

૧૬ વર્ષ સુધી ઇન્દ્રિયો બુદ્ધિને વિચારવા સારૂ જરૂરની સામગ્રી એકઠી કરવામાં રહે છે. ૧૬ વર્ષ પછી બુદ્ધિથી વિચાર કરવાનો આરંભ કરે છે; તેથી તે ઉમરની આગમજ જે શીખવવું જોઇએ તે સર્વ યથાસાધ્ય ઇન્દ્રિયોથી આપવું જોઇએ.

મીઠી બોલી, દૃઢ પ્રતિજ્ઞા, સર્વોપરિ માબાપના સારાગુણ એ બાલકનાં શાસન અને શિક્ષાના પ્રધાન ઉપાય છે.

એક પિતા છોકરાંને જુઠું બોલવાને માટે મારે, અને બીજે દિવસે તેની સમક્ષજ એક ચાકરને જુઠું બોલવાની સલાહ આપે તો તેના મારવાનું ફલ ક્યાં ગયું? ઘણાંક મૂર્ખ માબાપો પોતે જે દોષમાં દોષિત હોય તે છોકરાંના દોષને માટે સજા કરે છે; એના કરતાં બીજી વધારે મૂર્ખતાની કલ્પના કઇ હોય? પોતે પ્રથમ સુધરીને પછી બીજાને સુધારવાને જવું સારૂં છે.

શાસનનું મૂળ શ્રદ્ધા છે, શ્રદ્ધાનું મૂળ ચરિત્ર છે, જે માબાપના ચરિત્ર ઉપર છોકરાંની શ્રદ્ધા નથી તેઓનું વધારે વખત સુધી છોકરાંને શાસન કરવું નિરર્થક છે.

કુટુંબમાંનો કોઇ માણસ પારકાની વસ્તુ અન્યાયથી લાવ્યો છે તે જોઇને ગૃહસ્થ ઘણો વિરક્ત થઇ પડયો, મનના દુ:ખથી તેને ખાવા પીવાનું ભાવ્યું નહિ, અને જ્યાં સુધી તે વસ્તુ તેને આપી ન આવ્યો ત્યાંસુધી તે સ્થિર રહી શક્યો નહિ. છોકરાંએ ચુપચુપ સર્વ જોયું. એના યોગે જે શીખવામાં આવ્યું તે દશ દિવસ સુધી પાસે બોલાવીને "પારકી વસ્તુ લેશો ના." એ કહીને મોઢાના ઉપદેશ આપવાથી સમજાવાનું નહિ.

બાલક બાલિકાઓને ઉપદેશ આપતી વેળાએ જોવામાં આવ્યું છે કે "આ કરવું જોઇએ, પેલું ન કરવું જોઇએ. આ ફરજ છે, પેલી ફરજ નથી. આ ધર્મ છે, પેલો અધર્મ છે." ઇત્યાદિ કહીને સાધારણ ભાવથી નીતિનો ઉપદેશ આપવાના કરતાં કોઇ માણસના જીવન ચરિત્રમાંથી ખરા બનાવ તારવી કાઢીને વાર્ત્તાની ઢબથી કહ્યાથી તેઓ વધારે ગ્રહણ કરી શકે છે. એટલામાટે વાર્ત્તાની ઢબથી તેઓને ઉપદેશ આપવો જોઇએ.

છોકરાંનું પાલન કરવાના સંબંધમાં બીજી એક વાત સર્વદા માબાપોએ યાદ રાખવી જોઇએ. ઘર જાણે છોકરાં-

ના પક્ષે એવી જગા હોવી જોઇએ કે તેને કોઈ જાતના સુખની કમતી રહે નહિ. અર્થાત્ તેની રૂચિ, વાસના અને આકાક્ષા સર્વે પાર પાડવાનો ઉપાય રહે. માબાપની સાથે એવી આત્મીયતા અને પાસેનો સંબંધ રહેવો જોઇએ કે તેઓ માબાપને મિત્ર પ્રમાણે જાણે અને વગર શરમાયે તેઓને મનની વાત કહે. જો ઘરમાં મનની વાત સાંભળનાર ન મળેતો તે વાત કહેવાને માટે બાહારથી લોકો શોધશે એવુ કરવું ઠીક નથી તેમાં વિપત્તિ થવાની સંભવ છે.

ઉમરે મોટા માણસો જેમાં સ્વતંત્ર રીતથી એકમેકની મસ્કરી કરતા હોય ત્યાં છોકરાંને રહેવા દેવાં ઉચિત નથી; કારણે કે તેઓમાં તેનાથી અકાલ પકવતા ઉત્પન્ન થાય છે.

બાલકોને માર મારીને શાસનમાં રાખવાં એ યુક્તિવાળું કામ નથી. આપણે ક્રોધપરાયણ થઇને જ્યારે મારીએછીએ ત્યારે ધર્મ નિયમમાં વ્યાઘાત કરીએ છિયે, કારણકે માણસ ઉત્તેજનાધીન થયાથી જે કામ કરે છે તેમાં ઘણીખરી ન્યાયની રક્ષા કરી શકાતી નથી, નાના સરખા પાપથી મોટા દંડ થાય છે. શારીરિક દંડના કરતાં દંડસ્વરૂપ તેઓની પ્રિય વસ્તુઓથી જો તેઓને વિયુક્ત કરવામાં આવે તો તેથી વધારે ફલ થશે. છોકરાંને કહી રાખ્યું કે જો તમે અન્યાય કામ કરશો તો તમોને જે સુંદર છતરી અથવા બુટ આપ્યા છે તે લઇ લઇશ, તે અપરાધી થાય તો તેમ કર્યાથી તેના પ્રાણમાં લાગશે અને તે સજા ઘણો વખત સુધી યાદ રાખશે.

સર્વદા મારવું જરૂરનું નથી પરંતુ અન્યાય કાર્ય કર્યાથી હું છુટી શકીશ નહિ. એક માણસ જોવાને માટે અને ખબર લેવાને મારી સાથે ફરે છે, એટલુંજ તેના મનમાં રહ્યાથી ઘણુંકરીને તે સુમાર્ગે જશે. જનમંડળમાં એકમેકના દ્વારા જે સામાજીક શાસન થાય છે તેની પણ ખાશિયત આવીજ છે.

બાલક બાલિકા કોઇ વખત સાધુ ભાવથી ચાલિત થઇને ઘરની નુકસાની કરે, અથવા અન્યાય કામ કરે, માબાપની હાલત ઉપર ન જોતાં દાન કરવા ઇચ્છે, પરસ્પરને મદદ કરવા જતાં પોતાના ઘરની વસ્તુનો નાશ કરે, બીજાં બાલક બાલિકાનો ઉપકાર કરવા જતાં પોતાને વિપદ્‌માં નાંખે એ સર્વ વખતે માબાપને ઘણું સંકટ છે. એક તરફ તેણે જે નુકશાની અથવા અન્યાય કર્યાં છે તે દેખાડવું અને સુધારવું જેમ જરૂરનું છે તેમ બીજી તરફ જે સાધુ-ભાવ અને ઇચ્છાને આધીન થઇને કામ કર્યું છે તેના ઉપર સમાદર દેખાડવો અને તેનું પોષણ કરવું તે પણ કર્ત્તવ્ય છે. ઘણાંક મૂર્ખ માબાપો ક્રોધને વશ થઇને આ વખતે સુધારવા જતાં તેઓના હૃદયના સાધુભાવોને પગ નીચે કચડી નાંખે છે. ઘરની નુકસાની થવા છતાં એ વખતે તેઓને કંઇપણ ન કહેવું ઉત્તમ છે.

જીવતા સાપના ઉપર પગ મૂકો તો તે સારૂં છે, પરંતુ છોકરાંના વિવેકના ઉપર પગ મૂકશો ના. સાવધાન! સાવધાન! એવું કામ કદીપણ કરશો ના. તેની ધર્મબુદ્ધિ તેને જે માર્ગ દેખાડે છે, તે જો તમારાથી વિરૂદ્ધ મૃત્યુના માર્ગ જેવો સર્વ નાશનો માર્ગ જણાય, તથાપિ તેના વિવેકને આદર કરો, ભય બતાવી તેને વિવેક વિરૂદ્ધ આચરણમાં લગાડશો ના. જો કરી શકો તો તેના વિવેકને ખરો રસ્તો દેખાડવાનો યત્ન કરો, જો અસમર્થ હો તો મનમાંને મન-માં દુઃખિત થાવ પરંતુ તેના મનુષ્યત્વ અને મહત્વના ઉપ-ર હાથ નાખશો મા. વિવેકને જો મ્લાન કરશો તો તેનું મનુષ્યત્વ રહેશે નહિ.

"છોકરાં મ્હારા કહ્યાથી ઉઠશે, મ્હારા કહ્યાથી બેસશે." એવી ઇચ્છા ન કરતાં સ્વાધીન ભાવથી વિચાર કરશે એ-ટલુંજ નહિ પણ મારી ત્રુટિ અને ભૂલો અસંકોચથી

દેખાડશે અને પોતાનું કર્તવ્ય પોતે જોઇ લેશે એવું મનુષ્યત્વ શીખવવાની ઇચ્છા કરો. એજ ઉદાર માબાપનું કર્તવ્ય છે. એવી રીતના એક માણુસથી દશ માણુસ તૈયાર થાય છે.

બાલકો જ્યાં સુધી મોટાં ન થાય જ્યાં સુધી તેઓની ચિંતા શક્તિ અને વિવેક વિકસિત ન થાય ત્યાં સુધી માબાપે તેના ભલાનો વિચાર કરી તે માર્ગે તેઓને ચલાવવાં. પરંતુ તે વિષયમાં પણ સર્વદા સતર્ક રહેવું જોઇએ યથાસાધ્ય તેઓની શક્તિ અને વિવેકનો ઉલ્લેખ કરવાનો યત્ન કરવો જોઇએ આપણા કામની યુક્તિઓ યથાસાધ્ય તેઓને સમજાવવાનો યત્ન કરવો જોઇએ અને ન્યાયાન્યાય દેખાડવું જોઇએ. ઘણાકોનો સંસ્કાર છે કે બાલકોને કેવલ હુકમથી ચલાવવાં જોઇએ પરંતુ તે ઘણી ભૂલ છે. તેઓને પણ યથાસાધ્ય બુદ્ધિમાન જીવની પેઠે સમજીને ચલાવવું જોઇએ.

ઘરમાં શ્રદ્ધા કરવાનો અર્થ શો છે? તેની વાત ઉપર વિશ્વાસ કરવો એકદમ મિથ્યાવાદી મનમાં સમજવો નહિ; તે જ્યારે વાત કહે ત્યારે તે વાતના ઉપર અવહેલા પ્રકાશ કરવી નહિ; તે જ્યારે રમે ત્યારે તેની રમતમાં તમોને આનંદ થાય છે તે તેને દેખાડવું, અર્થાત્ તેના સુખદુઃખના ઉપર ઉપેક્ષા બતાવશો ના.

હું કોઇ વેળાએ સારે માર્ગે જાઉછું, કોઇ વેળાએ ભૂલમાં પડુંછું, કોઇ વખતે મીઠાં વચન કહુંછું, કોઇ વખતે કર્કશ ભાષા વાપરૂંછું, હું દુર્બલ જીવ છું, હું તો એવું કરીશજ. જગદીશ્વર કરેને મારા ચરિત્રમાં એવું કંઇ પણ હોય તે જોઇને મારાં છોકરાંનો દ્રઢ સંસ્કાર જન્મે કે જે કંઇ સત્ છે તેમાંજ તેના પિતાનો અનુરાગછે અને જે કંઇ અસત્ છે તેના

પ્રતિ વિષતુલ્ય અનાદર છે. આટલું થયાથી ઉમરે તેઓ સુમાર્ગે જાશે.

બાલકો ઘરમાં ત્રણ વસ્તુ સર્વદા જોઇ શકે (૧) સત્યના ઉપર નિષ્ઠા, (૨) જીવના ઉપર પ્રેમ, (૩) ઇશ્વરના ઉપર ભક્તિ. આ ત્રણ હવામાં રહ્યાથી તેઓ મનુષ્ય થશે.

છોકરાં માબાપને નાના પ્રસરની અવસ્થામાં બેઠેલાં જોય છે પરંતુ તેઓ ભક્તિ ભાવથી ઇશ્વરની અર્ચના કરે છે, આ ભાવથી તેઓને બેઠેલાં જોઇ શકે તોજ તેમનું કલ્યાણ થાય.

ભાઈ બહેનનો સંબંધ.

જે દેશમાં પુરૂષ વંશમાં સ્ત્રીઓ ધિક્કારને પાત્ર છે તે દેશમાં ભાઇ બહેનમાં સૈહાર્દ સ્થાપન થવામાં ઘણો વિલંબ થાય છે.

પુત્ર ઉપાર્જન કરી લાવે છે, કન્યા પારકાના ઘરમાં જાય છે, એ વાસ્તે યત્નમાં પ્રભેદ થતો હોય તો તેના મૂળમાં સ્વાર્થપરતા છે, તે ધર્મને અનુસરીને નથી.

આપણા દેશમાં ભાઇ બહેન જ્યાં સુધી બાલક છે ત્યાસુધી અકપટ સ્નેહ હોય છે, ઉમર વધવાથી બહેન ભાઇઓની અવજ્ઞાની પાત્રી થઇને ઘણી છેટે જઇ પડે છે.

પરંતુ આપણું માનવ જીવનનું અને જનમંડળનું મોટું સુખ કયું છે? પ્રેમ આપીને સુખ અને પ્રેમ મલ્યાથી સુખ.

ગમે તો બહેન પરાયાના ઘરમાં જાય તોપણ ભાઇનું ઘર અને ભાઇનું હૃદય સર્વદા તેને માટે ખુલ્લું રહેવું જોઇએ. બહેન જ્યારે ઘરમાં આવે ત્યારે તે સ્થલ તેના આરામની જગા જણાય, કેટલાક દિવસ ભાઇના ઘરમાં રહે તે ઘણાં આનંદના દિવસ જાય.

ભાઇ સાંઝે કામ ઉપરથી આવીને જુવે કે બહેન ઘરમાં આવી છે, તેને જોઇને ઘણો આનંદિત થાય છે તેને ક્યા રાખે, શું આપે, શું ખવડાવે એનેજ માટે વ્યસ્ત છે. એવા ઘરમાં બહેન આવીને સુખી થાય છે.

બહેનનું ઘરપણ એવુંજ જોઇએ કે જ્યાં ગયાથી ભાઇનો આત્મા શાંત થાય.

બહેનની સાથે બાલ્યકાલમાં એક માના હાથથી ખોરાકની વસ્તુ ખાધી છે, માના જાનુ ઉપર બેસીને બંનેમાં વિવાદ થયો છે, યૌવન અને શિક્ષણનું શું આવું ફલ ઉત્પન્ન થશે કે આપણા હૃદયમાંથી તે દશ યોજન દૂર જશે!

આપણા દેશમાં બાલ્ય વિવાહથી બહેનોને નાની ઉમરમાં પરાયા ઘરમાં જવું પડે છે. કેવો આશ્ચર્ય છે કે ઘણી નાની ઉમરમાં છુટી પડે છે તે છતાં બહેનનું ચાહવું ઓછું થતું નથી. ભાઇ ભૂલી જાય છે, પરંતુ બહેન કાગડાને મોઢે પણ ભાઇની ખબર મેળવવાને માટે વ્યસ્ત હોય છે. અહીં મારા એક છોકરાનું મરણ નીપજ્યું તે સાંભળીને અમદાવાદમાં મારી બહેનની આંખમાં આંસુ પડવા લાગ્યાં. ઘણે દૂર રહેવા છતા ભાઈના પ્રાણમાં ક્લેશ ઉત્પન્ન થવાથી તેના પ્રાણમાં કળેશ થાય છે.

કેટલીક જગાપર નાની ઉમરમાં મા મરી ગયાથી ઘરમાં જો મોટી ઉમરની વિધવા બહેન હોય છે તો તે માતૃસ્થાનીયા થઇને ભાઇનું પ્રતિપાલન કરે છે. તે વેળાએ તે માની ભાવના વિચારે છે અને આનંદની સાથે તે સર્વ ઉપદ્રવ સહન કરે છે.

આજે જો હું માંદો પડું અને મારા ભાઇ અને બહેન બંને પાસે હોયતો એ નિશ્ચય છે કે હું બહેનની પાસેથી વધારે યત્ન અને સેવા પામીશ, ભાઇ અને બહેનમાં

એટલો બધો ભેદ છે. હાય! જે બ્હેનનો એટલો બધો પ્રેમ અને સદ્‌ભાવ છે તે આ દુર્ભાગ્ય દેશમાં બ્હેનના ઉપર કેવો અનાદર છે.

જ્યાં સુધી ભાઇ જીવતો હોય છે ત્યા સુધી બ્હેન ભાઇના ઘરમાં આવ્યાથી તેની થોડીક બરદાસ લેવાય છે પરંતું ભાઇ મરી ગયાથી તે ઘર પરાયું થઇ જાય છે.

જો વિધાતા કોઇ બ્હેનને અકાલે વિધવાપણામાં નાખે તો તેની ભોજાઇઓની કૃપાના મુખાપેક્ષી થઇને કેવા સંકોચથી અને દાસી ભાવથી દિવસ ગાળવા પડે છે તેનું વર્ણન કરવું નિષ્પ્રયોજન છે, કેમકે તે સર્વના જાણવામાં છે.

અંગ્રેજ મંડળમાં ઘણીક સ્ત્રીને આખી ઉમર સુધી અવિવાહિત રહેવું પડે છે તે વેળાએ તેઓની રક્ષા અને પ્રતિપાલનનો ભાર ભાઇઓના ઉપર પડે છે. કોણ જાણે વિવાહ કર્યાથી બ્હેનનું પ્રતિપાલન અને સુખમાં વ્યાઘાત થાય એ ભયથી કેટલાક અંગ્રેજ યુવકને અવિવાહિત રહેલા જોવામાં આવે છે. બ્હેન વિવાહને માટે ઘણી સમજાવે છે તથાપિ તેઓ વિવાહ કરતા નથી. અંગ્રેજ મંડળમાં બ્હેનને જે માણસ અનાદર કરે છે તેને અધમ પ્રકૃતિનો માણસ સમજીને તેની અવજ્ઞા કરે છે.

સર્વ ભાઇઓ એક ઘરમાં રહે ત્યાં દૂરત્વની વધારે સંભાવના નથી પરંતુ જ્યાં નીચતા છે, જ્યાં સ્વાર્થપરતા છે ત્યાંજ વિરોધ જોવામાં આવે છે.

આપણા દેશમાં વારસનો સરખો ભાગ કરવાનો નિયમ હોવાથી ભાઇઓમાં ઘણી શત્રુતા થાય છે. એક ભાઇને બીજો ભાઇ પ્રવંચક સમજે છે. પિતા જો મૃત્યુની વેળાએ, વારસાની વ્યવસ્થા કરીને બીજાના ઉપર તે વ્યવસ્થાનુસારે ક્રિયા રક્ષાનો ભાર આપી જાય તો વારસા સંબંધી ગડબડ

નહિ. ભાઇના ઉપર ભાગ કરવાનો ભાર હોવાથી સંદેહ શત્રુતાની ઉત્પત્તિ થાય છે.

પણા દેશમાં કુટુંબને એકઠા રહેવાંનો નિયમ પ્રચ-છે; એ રીતિ જો અવિરોધથી ચાલે, લોકોમાં જો ધ . ઉદારતા અને સહનશીલતા હોય તો તેનાથી ભાઇ-ઓમાં પ્રેમ અને સદ્‌ભાવ ઘણો આશ્ચર્ય રૂપે વધે છે. પ-રંતુ તે ઉદારતા અને સહનશીલતા ઘણી જગા ઉપર હોતી-નથી એ કારણથી એકાન્નભુક્ત કુટુંબ અશાંતિનું ઘર થયું છે.

પરંતુ ખરેખરા ઇશ્વરોપાસકે પ્રેમના ઋણની તરફ જોતુ જોઇએ. જેણે આપણા ઉપર એકવાર પ્રીતિ કરી છે અને આપણે જેને એકવાર પ્રીતિ કરી છે, તેની આગળ એવા ઋ-ણમાં બંધાયા છે કે જેને માટે હમેશાં જુમેદાર રહેશુ અર્થાત્ એક માણસે ઋણને માટે કોર્ટમાં ફરિયાદી કરીને ક્લેશ આપ્યાથી પણ જેમ સારા માણસનું ઋણ જતું નથી તેમ ભાઇ જો અતિ વિરૂપ થાય તો તેનું ઋણ ક્યાં જશે ?

એક દિવસ એક જુવાને કહ્યું કે, “નાની ઉમરમા મારો બાપ મરી ગયો, બાપને મેં જોયો નથી, મોટા ભાઇએ પિતાનું કામ કર્યું હતું હાલ તેની એક વિધવા પત્ની છે જો મારા રહેવાથી તેને કોઇ રીતનું દુઃખ થાય તો હું તેને માટે અપરાધી થઇશ તે વિરૂપ થાય તોપણ તેને સુખી કરવાનો યત્ન કરવો એ મારો ધર્મ છે.” પ્રીતિનું ઋણ મરી ગયાથી પણ જતું રહેતું નથી.

બીજા એક સમયે એક મહાત્માએ કહ્યું હતું કે, “ભાઇ સ્વાર્થપરતાની ઉત્તેજનાથી અને ખરાબ લોકોની સલાહથી શત્રુની પેઠે નિર્યાતન કરે છે, હું શું તેનો બદલો લઇ શકું ? જો હું તેના ઉપર વિરક્ત થાઉં તો મારી ભ્રાતૃવધુ, ભ્રાતૃ

પુત્રીનો ક્લેશ શું જોઇ શકીશ? ખરા મનસ્વી લોકોને આવોજ ભાવ હોય છે. પાણી જેમ વસ્ત્ર ઉપર પ' સુતરોને પકડીને ઘણે દૂર સુધી જાય છે તેમ પ્રેમ વાર જેના ઉપર પડ્યો છે તેનો સંબંધ ઘણો દૂર પોહોચે છે.

એક ભાઇ ઉપાર્જન કરે અને દશ જણા આલસુ થઇને ખાય એવી ઇશ્વરની ઇચ્છા નથી. સ્વાધીન ભાવથી પરિશ્રમ કરવો એ મનુષ્યનું શ્રેષ્ઠ સુખ છે અને તે સર્વશ્રેષ્ઠ અધિકાર છે. પરંતુ સુસંપન્ન ભાઇ જો દુઃખમાં પડેલા ભાઇને મદદ ન કરે તો તે ઇશ્વરની પાસે જુમેદાર છે.

ભાઇ બહેન સર્વદા એકત્ર રહી શકશે એવું થઇ શકનાર નથી. પરંતુ કોઇકોઇ વેળાએ સર્વે સહકુટુંબ એક ઘરમાં મળવાનો ઉપાય કરવો જોઇએ. એ માટેજ જણાય છે કે ભાઇ બીજની ઉત્પત્તિ થઇ હશે. એક માબાપનું રક્ત જેટલા હોય તે સર્વ એકઠા મળ્યાથી પણ ઘણું સુખ થાય છે. તે છબી કલ્પનાની આંખે જોયાથી પણ સુખ ઉપજે છે.

મતભેદથી ભાઇઓમાં જો વિરોધ હોય તોપણ તેથી પ્રીતિનું ઋણ તો જતું રહેતું નથી.

જો કોઇ ભાઇ તથા બહેન ખરાબ ચાલની હોય અને બીજા સર્વે ધિક્કાર કરીને હાકી મૂકે, પરંતુ હું તેનું પાપ દેખાડીને અને તિરસ્કાર કરીને છોડીશ નહિ તોપણ જેમ બાજ પક્ષી બીજા પક્ષીના પછવાડે દોડીને સ્વર્ગ મર્ત્ય પરિભ્રમણ કરે છે તથાપિ તેને ન પકડતાં પાછો આવતો નથી, તેમ હું પણ તેને પાછો ફેરવ્યા સિવાય ફરીશ નહિ. એક માણસ જો પ્રાર્થનાની સાથે કોઇનો ઉદ્ધાર કરવાની પ્રતિજ્ઞા લે અને તેની પછવાડે પછવાડે દોડે તો તેની શું મકદુર છે કે હાથ છોડીને ચાલ્યો જાય. આપણા સત્સંકલ્પ સાધ

નમાં થાકી જઇએ છિયે; ઇશ્વર થાકતો નથી. અહીંજ દૈવભાવ અને માનવભાવમાં ભેદ જોવામાં આવે છે.

માબાપ.

છોકરાં ગૃહની શોભા વધારે છે, ભાઇ બહેન સુખમાં વધારો કરે છે પરંતુ ગૃહસ્થના માબાપ ગૃહદેવતા સ્વરૂપ રહીને ઘરમાં પવિત્રતા અને શૃંખલાની રક્ષા કરે છે એઓ ત્રણ દલમાં ત્રણ કાલના પ્રતિનિધિ જેવા છે.

એક પંડિતે કહ્યું છે કે પિતામાં ઇશ્વરનું ન્યાયપણું અને માતામાં દયા અવતીર્ણ થઇ છે. વિવાહમાં કેવળ ન્યાય અને દયાનું ફક્ત મિલન છે. માતૃસ્નેહની પેઠે જગત્‌માં બીજી કોઇ વસ્તુ નથી. તેમાં શું સ્વાર્થનો કંઇપણ ગંધ જોવામાં આવે છે? આપણે વિરૂપ થઇએ છિયે પણ મા વિરૂપ થતી નથી, આપણે ભૂલી જઇએ છિયે પણ મા ભૂલતી નથી. આપણે છોડીએ છિયે પણ તેનો પ્રાણ આપણને આલિંગન કરે છે. હે માનવ! કહો જોઇએ એ ન જોયાથી તમારા અંતરમાં ઇશ્વરનો નિઃસ્વાર્થ પ્રેમનો ભાવ એટલો ઉજ્જવલ થાત કે નહિ?

જો ઘરના પૈસા આપીને કોઇ દાસત્વ કરવા જાય તો તેને લોકો ગાંડો કહે છે, પરંતુ માના દાસત્વની વાત એક વાર યાદ કરો. આત્મવિક્રય કરીને છોકરાંને માટે દાસપણું કરે છે એવું દાસપણું ક્યાં જોશો?

પાપીનો ધિક્કાર કરીને દુનિયાં તેનો પરિત્યાગ કરશે પણ કેવલ બે જણાના હૃદયમાંથી અંતરિત થશે નહિ; એ બે જણામાંથી એક મા અને બીજો પરમેશ્વર છે; આ શું અત્યુક્તિ થઇ?

આ કેવો સંબંધ! છોકરાં વિચાર કરે છે કે નિસ્વાર્થ ચાહું એ તેનો અધિકાર છે એ અધિકાર કોણે આપ્યો'? કેવલ પ્રેમ આપવાનો અધિકાર નથી, શ્રમ કરાવવાનો અધિકાર, ઉપદ્રવ કરવાનો અધિકાર, ક્લેશ આપવાનો અધિકાર, છેલ્લા દિવસ સુધી મદદ પામવાનો અધિકાર.

ધણાક છોકરાંના હાથથી માબાપ ક્લેશ પામે છે. પરંતુ તેમજ ચાહવામાં કંઇ ફરક પડતો નથી અને તેઓ વિરત થઇ શકતા નથી એ જોઇનેજ શાસ્ત્રકારો તેના પ્રમાણે કૃતજ્ઞતાની આજ્ઞા આપી છે.

ગૃહી માણસે માબાપને સાક્ષાત્ પ્રત્યેક્ષ દેવતા સમજીને સેવા કરવી પુરાણુની કથા પણ એ ઉપદેશ આપે છે. રામચંદ્રે પિતૃ આજ્ઞા પાલવાને માટે ચઉદ વર્ષ વનવાસ સ્વીકાર્યો પરશુરામે પિતૃ આજ્ઞાથી માતાનું શિરચ્છેદન કર્યું.

આ શિક્ષણ હિંદુસમાજમાં એટલું તો પ્રબલ છે કે માબાપની આજ્ઞાથી છોકરાં અપકર્મ પણ કરવાને ચુકતા નથી.

માબાપની સેવા ત્રણ પ્રકારથી થઇ શકે છે. (૧ લી) પૈસાથી, (૨) પ્રેમથી, (૩) આજ્ઞા પાલવાથી. સત્પુત્ર આ ત્રણ પ્રકારથી સેવા કરે છે.

પરંતુ આજ્ઞા પાલવાના સંબંધમાં ધર્માધર્મનો વિચાર કરવો એ ઉમરે પુગેલા છોકરાંના પક્ષે ઉચિત છે. વિવેકનો અનાદર કર્યાથી ઉધોગતિ થાય છે.

સંસારના દુઃખો જેઓએ ઘણા સહન કર્યા છે અને પ્રાચીન સંસ્કાર જેઓના હૃદયમાં બદ્ધ મૂળ થયા છે, તેઓની પ્રકૃતિ થોડી કોપન અને અસહિષ્ણુ થવાની સંભાવના છે. જે છોકરાં તે સાનંદચિત્તથી સહન કરી શકે તે કૃતજ્ઞ કહેવાય.

માબાપ જે ઘરમાં હોય તેઓને અર્થ સંબંધમાં અને સંસારની વ્યવસ્થા સંબંધમાં કર્તૃત્વ કરવાનો અધિકાર છે.

તે અધિકારથી ચ્યુત કરી રાખવાના કરતા તેઓને ઘરમાં ન રાખવા સારાં છે.

સાવધાન ! આજ્ઞા પાલવાના સંબંધમાં કેવલ આ નિયમ છે કે જેને છોકરાં અધર્મ જાણે તે આજ્ઞા પાલવી નહિ, પરંતુ તેના સિવાય તેને માટે કોઇ પ્રકારનું સુખ છોડવાને કાયર થવું નહિ. અર્થાત્ રામચંદ્રની પેઠે ચઉદ વર્ષ વનમાં જવું, પરંતુ પરશુરામની પેઠે માતૃ શિર છેદ કરવો નહિ.

જે કામમાં છોકરાંની રૂચિની તૃપ્તિ થાય પરંતુ માબાપને અસુખ થાય તે સત્પુત્રે ખરાબ વસ્તુની પેઠે પરિત્યાગ કરવું જોઇએ.

ધૈર્ય, સંતોષ અને સહલતાની સાથે મોટાની સેવાનો ભાર વહન કરવો જોઇએ. એવી રીતે જે સેવા કરી શકે છે તે ખરો ધાર્મિક અને સત્પુત્ર છે.

સ્વામી સેવકનો સંબંધ.

હું તમારી સેવા કરીશ તમે મને પગાર આપો, ચાકર જો આવીરીતે શેઠની પાસે આવે તોપણ માનવ હૃદયને એમાં સુખી થવાનું અને સુખી કરવાની ઘણી જગા મળે છે.

અનુરાગ અને ભય એ બંને ચાકરને ચલાવી શકે છે. પરંતુ સ્વર્ગ મર્ત્યમાં જેટલો ફરક છે તેટલો એ બંનેમાં છે.

પ્રેમથી જો કોઇ એક તૃણ આપે તો તે મહા મૂલ્યવાન વસ્તુ થઈ પડે છે; ભયથી જો મણિ માણિક્ય આપે તો તે ઘણા કીંમતી હોવાછતાં નકામા જેવાં થઇ પડે છે.

પ્રેમ સેવાનો લાગ શોધે છે, ભય ભાગવાનો લાગ જોયછે.

સંસાર ચલાવવામાં તથા દાસદાસીને શાસન કરવામાં કર્કેશ ભાષા અથવા નિષ્ઠુર વ્યવહાર કરવાની આવશ્યકતા નથી. કોઇ રીતની ભૂલ શેઠની નજરથી જતી નથી. અને ભૂલના ઉપર ઉપેક્ષા નથી, એટલુંજ જાણ્યાથી ઘણું છે.

શેઠના ચરિત્રમાં એવું તેજ હોય કે અન્યાય તથા ખરાબ નીતિને ધિક્કારે છે એ ચાકર જાણે તો ઘણુંજ છે. પછી તેને તિરસ્કાર કરવાની જરૂર ન રહે.

ગૃહસ્વામીના મુખે મીઠી વાત સિવાય બીજુ કંઇ સાંભળ્યું નથી, પરંતુ ચરિત્રમાં એવી એક જાતની ગરમી છે કે તેને માટે તે કુટુંબમાં અન્યાયાચરણ કરવાની કોઇની હિંમત થતી નથી, એનેજ શાસન કહેછે. પરિજનો નિદ્રિત થયાછતાં એ શાસન જાગૃત રહે છે.

માનવ હૃદયની સ્વાભાવિક ગતિ એવીછે કે, અનુરાગ મળે તો અનુરાગ આપવામાં આવે છે, ચાકરને સાધુતાથી પરાજિત કરીને સ્નેહ સૂત્રથી બદ્ધ કરી શકાય છે એ શેઠનું ખરેખરો ગૌરવ છે.

નોકરને કુટુંબનો અંગસ્વરૂપ ગણીને તેને અનુસરીને વ્યવહાર કર્યાથી તે નિશ્ચય શેઠના પ્રતિ આસક્ત થાય છે.

જ્યાસુધી તે કામ કરતો હોય ત્યાસુધી તે આત્મીય છે. તેની સાથે કેવલ કામનો સંબંધ છે, એ રીતે નોકરને જોયાથી તે સંબંધને નીચ કરાય છે, તે ધાર્મિકને અયોગ્ય છે.

ચાકરનો એકદમ અવિશ્વાસ કરવો નહિ, અવિશ્વાસ થયા પછી તે પ્રકાશ કરવો નહિ, અવિશ્વાસ પ્રકાશ કર્યા પછી તેનો રાખવો નહિ. કારણકે સંદેહ અને અવિશ્વાસમાં રોજ રહેવાથી પ્રભુ અને સેવકની અધોગતિ થાય છે,

નોકરને આજ્ઞા અને તિરસ્કારની હદ હોવી જોઇએ, અયથા આજ્ઞા અને અયથા તિરસ્કારથી તેને વિરક્તિને પ્રભુ ભક્તિની સીમા લંઘન કરવાને ફરજ ન પાડવી.

મારો શેઠ મારા સુખદુઃખના ઉપર ઉદાસીન નથી, જાણી જોઇને અન્યાયાચરણ કરતો નથી, એવો નોકરમાં જો વિશ્વાસ હોયતો પ્રભુના ઘણાક અન્યાયાચરણ તે સહન કરી શકે છે.

કેટલાક શેઠ ચાકરને પોતાના અધર્માચરણમાં મદદગાર કરીને તેઓના ચરિત્રની અધોગતિ કરે છે, અને પોતાની આબરૂનો માર્ગ રોકે; એટલામાટે ચાકરને કદીપણ કોઇ ધર્મ વિરૂદ્ધ આચરણમાં મદદ કરવાને કહેવું નહિ. જો અમુક માણસ આવેતો તેને કહેજે કે "શેઠનું માથું દુઃખેછે." શેઠની એક મિથ્યા આદેશથી તેની જે નુકશાની થઇ છે તે બસો રૂપીઆ આપ્યાથી નુકશાની પૂર્ણ થનાર નથી.

ગૃહ પાલિત પશુપક્ષીનાં પ્રતિ કર્ત્તવ્ય.

મુંગા પ્રાણીઓને જો સુખમાં રાખવામાં આવે તો પ્રાણમાં ઘણું સુખ થાય છે.

ગાય સાંઝે ખેતરમાંથી આવીને ઘરના ઓટલા ઉપર જ્યારે ઉભી રહે છે, અને તેનો વાછડો આનંદથી નાચતો જ્યારે સ્તનપાનને માટે દોડે છે ત્યારે તે દેખાડવામાં એક જાતનો સ્વર્ગીય ભાવ જોવામાં આવે છે, એ વાસ્તે ગૃહસ્થનું ઘર ઘણું સુંદર છે.

જ્યારે પશુ કૃતજ્ઞતા અને પ્રભુભક્તિનાં ચિન્હ દેખાડે છે, ત્યારે તે જોયાથી હૃદય ઉન્નત થાય છે.

પશુ પક્ષીનો રક્ષાનો ભાર ફકત દાસદાસીના ઉપર રાખ્યાથી નિર્દયતા થાય છે, કારણકે જેઓની સેવામાં ત્રુટી થયાથી ફરીયાદ કરી શકતા નથી, તેઓને પારકાના હાથમાં રાખ્યાથી અપરાધ થાય છે.

એઓની ખબરદારી રાખવી એ ઘરધણી તથા ઘરધણીઆણીના રોજના કર્ત્તવ્યમાં એક કર્મ થવું જોઇએ.

છોકરાંને રમવા માટે ઘરમાં કુતરાં બીલાડાં વિગેરે રાખવા જોઇએ. નિર્જીવ પુતળાની સેવાના કરતાં સજીવ પદાર્થની સેવામાં તેઓને વધારે આનંદ થાય છે. બીજું તેઓને ચાહવાથી તેઓના હૃદયનો વિકાશ થાય છે, ત્રીજું અવસ્થા વિશેષમાં પશુનાં ભિન્નભિન્ન કામનો ભાવ જોઇને જ્ઞાન મળે છે.

ખાવાને માટે અથવા આનંદ મેળવવાને માટે પશુ પક્ષીની હત્યા ન કરવી જોઇએ, કારણકે જેઓ આત્મરક્ષા કરી શકતા નથી, તેઓને દુઃખ આપ્યાથી હૃદય મનની અધોગતિ થાય છે.

ગૃહપાલિત પશુની હત્યા કોઇ રીતે ન કરવી જોઇએ જેના ઉપર પ્રેમ ઉત્પન્ન થયો છે, તેને સુખ તથા સ્વાર્થના અનુરોધથી પ્રેમને પગ નીચે કચરવું એ આસુરિક ભાવ છે. જે ઘરમાં એવા બનાવ થાય છે, તે ગૃહના છોકરાં સ્વાર્થપરતાનો ઉપદેશ મળવે છે.

આહ! માનવ અંતરની પ્રીતિ કેવી વસ્તુ છે, એના યોગે વનના પશુ પર્યન્ત માનવના વશ થાય છે. પશુ પક્ષી પ્રીતિને ઓળખી શકે છે જેને પ્રીતિ કરેછે તેને જોઇને પણ ઘણા સુખી થાય છે એને જોવામાં પણ સુખ મળેછે.

એક દિવસે એક છબી મેં જોઇ તેમાં એક બે વર્ષનું બાલક એક મોટા કુતરાની સાથે રમતુ રમતુ તેને ગળે વળગીને તેની ડોક ઉપર માથું મૂકીને સુઇ ગયું હતું. કુતરાને એક ભાવે બેઠાથી ક્લેશ થાય છે, તથાપિ હાલતો નથી? કોણ જાણે તે જાગે એ વાસ્તે કુતરો એમને એમ બેઠેલો છે. આ સખ્યભાવ જોયાથી શું હૃદય ઉન્નત થતુ

નથી ! એ પશુના ઉપર જેનો સ્નેહ ઉત્પન્ન ન થાય તેને હૃદય વગરના સિવાય બીજું શું કહીએ ?

પશુ જ્યારે દૌરાત્મ્ય કરે ત્યારે ધૈર્ય ચ્યુતિની વિશેષ સંભાવના છે, પરંતુ એકવાર ધૈર્યચ્યુતિ થયાથી અન્યાય સજા આપવાની વિશેષ સંભાવના છે એટલામાટે સર્વદા સતર્ક રહેવું જોઇએ કે ધૈર્યચ્યુતિ ન થાય.

અતિથિ અભ્યાગતનાં પ્રતિ કર્ત્તવ્ય.

ગૃહસ્થના ઘરમાં જે થોડો વખત રહે છે તે અતિથિ અથવા પરોણો કહેવાય છે.

અતિથિ સેવા ગૃહસ્થનો એક મોટો ધર્મ છે.

પરંતુ અતિથિને સુખમાં રાખવાનો સર્વથી મોટો આયોજન સરળ હૃદયતા છે. કેટલાક અતિથિના પ્રતિ ઘણું સૌજન્ય દેખાડે છે, ખાવાપીવા સુવા બેસવા વિગેરેમાં કંઇ ઓછાપણું આવવા દેતા નથી; પરંતુ તે ઘરમાં કદાચ એક દિવસથી વધારે દિવસ રહેવાની ઇચ્છા થતી નથી. બીજા એક માણસની લૌકિકતા ઘણી ઓછી હોય છે ઘણું સૌજન્ય તથા અત્યન્તવ્યગ્રતા હોતી નથી; પરંતુ કેવા એક પ્રકારનો સગપણનો ભાવ હોય છે કે તેને માટે પ્રાણ મુગ્ધ થાય છે.

કોણ જાણે પરોણાને કંઇ ક્લેશ તથા હરકત પડે એવી આશંકા જેના મનમાં સ્વાભાવિક હોય, કોણ જાણે તેને સંકુચિત થઇને રહેવું પડતું હોય એ જાણીને તે સંકુચિત ભાવ દૂર કરવાને માટે જે યત્નવાન હોય, તેજ ખરેખરો હૃદયવાળો માણસ છે. દેખાડવાની ઇચ્છા જ્યાં કંઇજ પણ હોતી નથી. જે કંઇ સૌજન્ય બહારથી જોવામાં આવે છે. તે આંતરિક સદ્ભાવનો માત્ર આભાસ છે.

નવા માણસને ઓળખીતા મિત્રની પેઠે ગ્રહણ કરવો સ્વાભાવિક નથી, પરંતુ જેને ઘરમાં જગા આપવામાં આવે તેને ઘણો દૂર રાખવો નહિ અર્થાત્ છોકરાંને તેના ખોળામાં આપવા, ગૃહના સુખના વિષય જે કંઇ હોય તેના ભાગીદાર કરવા, આનંદની સામગ્રી જે કંઇ હોય તે દેખાડવી.

મનુએ સસ્ત્રીક થઇને અતિથિ અર્થાત્ પરોણાની સેવા કરવાનો ઉપદેશ આપ્યો છે. જે પરોણા છે તેની પણ માબહેન વિગેરે હોય છે, જ્યારે ગૃહસ્થની પત્ની અને કન્યા વિગેરે તેની સેવામાં લાગેલી હોય છે, ત્યારે તેને માલમ પડે છે કે હું પોતાના ઘરમાં રહેલો છું એનાથી મનનો એક પ્રકારનો સાધુભાવનો ઉદય થાય છે.

પોતે અતિથિની સેવા કરીને છોકરાંને અતિથિ સેવા કરવાની શિક્ષા આપવી જોઇએ.

જેમ ગૃહસ્થની હાલત ઉપર નજર કરવી એ અતિથિ અર્થાત્ પરોણાનું કર્ત્તવ્ય છે, તેમ અતિથિની સુવિધા અસુવિધા જોઇને ચાલવું પણ ગૃહસ્થને ઉચિત છે; અતિથિને ભુખ્યો રાખીને ગૃહસ્થને ખાવું એ રીતિ આપણા દેશમાં નથી.

અતિથિને પોતાની ઇચ્છા અને પ્રવૃત્તિના અનુસારે રાખવો જોઈએ સઘળાનો અભ્યાસ એક સરખો હોતો નથી; અતિથિને માટે પોતાના અભ્યાસમાં જો થોડી ત્રુટી થાયતો તેને આનંદની સાથે સ્વીકારવી જોઇએ.

ઘરમાં રહેતી વેળાએ અતિથિનું કોઇ આચરણ જો નિંદનીય માલમ પડેતો તે વેળાએ ચુપ રહેવું કર્ત્તવ્ય છે, પરંતુ તેને માટે યત્નમાં ત્રુટી થવી ન જોઇએ. અતિથિનો પરિચય જો કદાપિ આત્મીયતામાં આવ્યો હોયતો તે વેળાએ પરોણાના દોષ સુધારવાનો યત્ન કરવો જોઇએ.

ઘરની સ્ત્રીઓએ અતિથિની સેવા કરવી, અસંકોચથી અન્ન પાનાદિ આપીને સેવા ચાકરી કરવી, સરલ ભાવથી મળવું અને સૈજન્ય દેખાડવું. એનાથી અતિથિને ઘણું સુખ મળશે. નારીના સરલ વ્યવહારમાં એક પ્રકારની શક્તિ છે કે જેના યોગ મનને ઉન્નત કરે છે.

પોતાની જેવી અવસ્થા હોય તેના કરતા વધારે પરોણાને દેખાડવાની કોશેશ કરવી એ ઘણુંજ ખરાબ છે. એથી ચિત્તની સંકોચતા અને ખર્ચ વધારે થયાથી થોડી મુદતમાં અતિથિના ઉપર વિરક્તિ ઉત્પન્ન થવાની સંભાવના છે.

અતિથિને ઘરમાં ઉતારો આપીને કેટલીક વખતે ગૃહસ્થના આત્માથી અધોગતિ થાય છે; જ્યારે અન્તર કહે છે કે આ માણસ ઘરથી ચાલ્યો જાય તો બચુ ત્યારે મોહથી તેને રાખવાને માટે વ્યગ્રતા પ્રકાશ કરે છે. બહારના આંગણામાં તેના પ્રતિ યત્ન આદર દેખાડવામાં આવે છે; અંતઃપુરમાં સ્ત્રીની પાસે જઇને તેના ઉપર વિરક્તિ પ્રકાશ કરવામાં આવે છે. કોઇ વેળાએ એવું પણ થાય છે કે પ્રથમ દહી દૂધ મીષ્ટાન વિગેરેથી પરોણાગત કરે છે ત્યારપછી છેલ્લીવારે સામાન્ય આવા પીવાનું આપવાને પણ વિરક્તિતી પ્રકાશ કરતો હોય એવો દેખાય છે. આવો ફેરફાર જોઇને અતિથિ દુઃખિત થાયછે. પોતાની શક્તિ સામર્થ્ય ન સમજતાં કામ કર્યાથી આવું થાય છે.

ગૃહસ્થની અવસ્થા સમજીને આતિથ્ય સ્વીકાર કરવો પરોણાની ફરજ છે. અને પોતાની જેવી હાલત હોય તેના કરતા વધારે અતિથિ સેવા કરવી ગૃહસ્થને ઉચિત નથી. હિંદુ ગુહસ્થ અતિથિ સેવાને માટે હમેશાં પ્રસિદ્ધ છે, વાસ્તવિક આ સદ્‌ગુણ ન હોતતો જનમંડળનું આકર્ષણ ઘણું ઓછું થઇ જાત.

મેદાનના સખ્ત તડાકાથી ઉતપ્ત અને દગ્ધ થયાપછી જો એક છાયાવાળું ઝાડ મળે તો જેવીરીતે સુખ ઉ-પજે છે, તેમ વિદેશમાં અને વગર ઓળખીતા માણસોમાં એકલા પડેલાને જો એક કુટુંબ મળે કે જ્યાં ગયાથી ખાવાનું અને થાક દૂર કરવાને માટે એક બિછાનું મળે તો કેટલો લાભ જણાય? એના ઉપર જો ગૃહસ્થનો અ-કૃત્રિમ સદ્ભાવ તથા રમણીઓની સ્નેહ પૂર્ણ સેવા ચા-કરી હોય અને બાલક બાલિકા સરલ અને પ્રસન્નત પૂર્ણ ક્રીડા સંભોગ કરતાં હોય એની સાથે હોય તો સુખની હદ રહેતી નથી.

એક અંગ્રેજ પંડિતે આફ્રિકા દેશની જંગલી જાતી-ઓમાં ઘણા દિવસ મુસાફરી કરી છે. એક વેળાએ થોકેલો અને પીડિત થઇને કોઇ જંગલી ગામમાં આ-શ્રય માગવા ગયો, ગામના જંગલી પુરૂષોએ તેને ગારો સમજીને અપમાન પૂર્વક વિદાય કર્યો તે ગામની બહાર આવીને એક ઝાડની નીચે મુમૂર્ષના જેવો થઇને તે પડયો હતો એટલામાં કેટલીક સ્ત્રીઓ ત્યાંથી જતી હતી, તેનો હાથ પકડીને પોતાના ઘરમાં લઇ ગઇ. તેની સેવા ચાકરી કરીને તેની થાક દૂર કરી તેને માટે એક નવું ગાયન બનાવીને ગાવા લાગી. તે ગાયનનો મર્મ આવો હતો, "આ વિદેશમાં આ મુસાફરની મા નથી, બહેન નથી, આઓ બહેન આપણે એની મા બહેનનું કામ કરીએ." આ વાત સાંભલ્યાથી પણ હૃદયમાં સુખ ઉપજે છે.

ધાર્મિક ગૃહસ્થનું દ્વાર અતિથિની અભ્યર્થનાને માટે સર્વદા ઉઘાડું હોય છે.

સમાપ્ત.